# अध्यात्म

વર્ષ : ૧૦ જાન્યુઆરી–૧૯૮૯ અંક : ૪



## * સદ્દભાવભરી ભેટ *

અધ્યાત્મને માથે પ્રભુની કૃપા તો જુઓ ! સદ્ભાવભરી ભેટ નાનું શું ઝરણું પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી ને પૂ ગુરુદેવની કૃપાથી મોટા સ્રોતરૂપે આ મહિને વહી રહ્યું છે. ભેટની વિગત નીચે પ્રમાણે છેઃ–

રૂા.
૫૦૦ શ્રી દક્ષાબેન રમેશભાઇ ભક્ત, દિગસ.
૬૫૧ શ્રી રમેશભાઇ દુર્લભભાઇ ભક્ત, દિગસ.
૫૧ શ્રી વિઠ્ઠલભાઇ શામજીભાઇ પરમાર, સુરત.
૫૧ મોરબીના સાધકભાઇ તરફથી.
૫૦ શ્રી કૈલાસબેન વિનોદભાઇ જોષી, વડોદરા.
૧૪૦ શ્રી જે. પી. મિસ્ત્રી, કડીપાણી, જન્મદિન નિમિત્તે.
૫૦ શ્રી રામદાન નારણદાન, મીસણ (ગઢવી) મોરબી.
૫૧ શ્રી એચ. એસ. ગોસ્વામી, રાજકોટ, ઘરનું મકાન ખરીદતાં.
૧૦૧ શ્રી વીણાબેન ઠાકોરભાઇ દેસાઇ, સુરત, સફળયાત્રા નિમિત્તે.
૫૦ શ્રીમતી વર્ષાબેન ધીરજલાલ મોઘરિયા, ધાંગધ્રા.
૧૧ પ્રવીણભાઇ વ્રજલાલ મિરાણી, મોરબી, એસ. એસ. સી. માં પાસ થતાં.
૧૧ રાવલ હિમ્મતલાલ વ્રજલાલ, સુરેન્દ્રનગર.
૧૧ કરૂણાશંકર એમ. ભટ્ટ, મોરબી.
૧૫ શ્રી રાજુભાઈ જયસ્વાલ, ભાવનગર.
૧૧ શ્રી હેમાબેન ઠાકોરભાઇ શાહ, વડોદરા.
૭૬૫ શ્રી મગનભાઈ ડી. ભક્ત તરફથી શ્રી મોહનભાઇ દયારામભાઇ ભકતના સફળ ઓપરેશન બદલ.
૫૧ શ્રી રાજેશભાઇ ભાવસાર, વડોદરા.

( અનુસંધાન ટાઇટલ ૩ ઉપર )

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૧૦ અંક : ૪ છૂટક નકલ ૨–૦૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫–૦૦ વિદેશમાં રૂા. ૧૨૫–૦૦ ( વિમાનથી )
**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.
**તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૯૮ બી. સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૬૩
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બારડીગેટ ભાવનગર–૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| અમારી વિદેશ યાત્રા (૭) | નારાયણ હ. જાની | ૯ |
| આસક્તિમાંથી છૂટવાના ઉપાય | ધમ્મપદ | ૨૧ |
| કૃપા-વૃષ્ટિ | કમલ સુથાર | ૨૫ |
| પૂ. માશ્રી સર્વેશ્વરીનું સ્વદેશગમન ને સત્કાર | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૨૮ |
| નાયગ્રાફોલ્સ પૂ. મા સર્વેશ્વરીના સાંનિધ્યમાં | સુરેશભાઇ શાહ | ૩૩ |
| કબીર-સુધા | પરમાર્થી | ૪૩ |
| કથા કરમની | ડૉ. રણજિત પટેલ | ૫૩ |
| ગુરુવચનનો મહિમા | કુમુદચંદ્ર ત્રિવેદી | ૫૪ |
| बलमुपासित् | મહેન્દ્રકુમાર મો. દેસાઇ | ૫૮ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૨ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૦ જાન્યુઆરી-૧૯૮૯ અંક : ૪


## શ્રી યોગેશ્વર કથામૃત

શ્રાવણ અમાસ તા. ૯-૯-૧૯૮૦ સંવત ૨૦૩૬.

સ્થળઃ-સરદારનગર, ( ભાવનગર ).

આજે ભાવનગરમાં આવ્યાને અમને ત્રણેને વીસ દિવસ થઇ ગયા. પાણીના રેલાની જેમ દિવસો પસાર થઇ ગયા. માતાજી અહીં આવ્યા ને બીજે જ દિવસથી માંદગીના બિછાને પોઢ્યાં. માનવી ધારે છે શું ને ઇશ્વર કરે છે શું ? જે વ્યક્તિ કોઇની સેવા લેવા ન ઇચ્છતી હોય, તેને પોતાને ન કલ્પેલી વ્યક્તિ પાસેથી સેવા લેવી પડે, ત્યારે માનવું કે કદાચ પૂર્વની કંઇક લેણ દેણ, કંઇક આગળના સંસ્કારો, જે તે વ્યક્તિ સાથે જોડાયેલા ઋણાનુબંધ જ તેમાં કાર્ય કરતા હોય છે. કુદરતની કેવી લીલા છે !

ગયા વર્ષે પૂ. શ્રી માંદગીના બિછાને હતા તો તેમની દેવદુર્લભ સેવાનો લાભ મેળવવાનું સદ્દભાગ્ય મને મળ્યું. એવી સમર્થ વિભુતિની તન, મનથી થયેલી સેવાથી કંઇ કેટલાયે જન્મની અશુદ્ધિઓ ધોવાઇ હશે તેનો હિસાબ તો પ્રભુ સિવાય બીજું કોણ રાખી શકે તેમ છે ! એજ રીતે હજી

કઈક અશુદ્ધિઓ આ જીવમાં રહીં હશે, તેને ધોવા માટે ( માતાજીની સેવા ) જાણે સ્વર્ગનું કોઈ દિવ્ય ઝરણું માતાજીની માંદગી રૂપમાં વહી આવ્યું હોય એવું મને લાગે છે. એ સેવાનું દિવ્ય ઝરણું પતિતને પાવન બનાવી પ્રભુ પાસે પહોંચાડવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયભૂત બની રહો એ જ પ્રાર્થના છે.

આજ કાલ મળી રહેલી માતાજીની સેવા મારી સાધનાના સર્વોચ્ચ શિખર ઉપરનો સંપૂર્ણ કળશ બની રહો એ જ પ્રાર્થના છે. ઋણાનુબંધ કે કોઇક સંસ્કારોથી મને એ સેવાની સોનેરી તક મળી છે એ સદ્‌ભાગ્યને દીપાવવાનું કામ હવે એ પ્રભુનું છે ને ?

આજે તો રાત્રે ૧૨ વાગ્યે, ૩ વાગ્યે ને છ વાગ્યે માતાજીની સેવાનું સદ્‌ભાગ્ય મળ્યું. અશક્તિ વધતી જવાથી આજે રૂમમાંજ સ્નાન કરાવી લીધું. સમયસર કંઇક પ્રવાહી પણ આપી દીધું. અમે પણ દૂધ લઇ લીધું. પૂ. શ્રી એ થોડો આરામ, થોડી સેવા, વળી આરામ વળી સેવા, એમ કરતાં કરતાં પોણા બાર થયા એટલે માતાજીને ફરી કંઈક આપ્યું. વચ્ચે વચ્ચે પછી માતાજીને જગાડી જગાડીને પૂ. શ્રી માતાજીના મુખમાં કંઇક ને કંઇક મૂકે જ છે. માંદગીના બિછાનેથી માતાજી ખૂબ ખૂબ અણગમા યુકત વ્યવહાર ખાવામાં કરે છે છતાં આ પૂર્ણપુરુષોત્તમ, નાના બાળકને જેમ મા જતન કરીને જાળવે, સ્નેહ ધરીને સમજાવે એમ પોતાની માતાને સંભાળે છે. પછી પોતે ભોજન લે છે. પછી વળી ૨ વાગ્યે પૂ. શ્રી માતાજીને કંઈક આપી, પંદર વીસ મિનિટ આરામ કરે છે. ત્યાં માતાજીની સેવામાં ફરી પાછા હાજર થઈ જાય છે.

આજે સવારે પૂ. શ્રી એક વાત કરે છે, શ્રોતા નારણભાઈ



અને સરસ્વતીબેન છે. પૂ. શ્રીનું વકતવ્ય શરૂ થાય છે. એમની સેવા ખૂબ પ્રેમભરી અને બુદ્ધિયુકત હોય છે. રાત્રે પણ જ્યારે જ્યારે માતાજી જાગી જાય છે, ત્યારે ત્યારે ખૂબ ઝડપથી ઉઠીને સેવા કરવા તૈયાર થઈ જાય છે. આજે તો માતાજીને રૂમમાં જ સ્નાન કરાવ્યું તો ઘણી મદદ એમણે કરી. એ વખતે હું પણ હાજર હતી. મેં કહ્યું, ‘‘ચાલો મહાપુરુષ ! દૂધ ઠંડુ પડે છે.” તો કહે, જુઓ ! હું તો સાચું હોય તે જ કહું છું અને તે પણ, જેને તેને નથી કહેતો. નારણભાઈ જેવા શ્રદ્ધાળુને, સમજદારને જ કહેવાયને !”

વળી બપોરનું ભોજન લેતી વખતે કહેવા લાગ્યા કે “ માતાજી વિના હું શું કરીશ ? ” એવા વિચારો મને વરસો ઉપર આવતા. પણ હવે તો એ તરફથી પણ મન ઉપરામ થઈ ગયું છે. વળી બીજાઓ તરફથી જે વર્તન થયું તેના ઉપરથી એમ થયું કે સંસાર આવો જ છે, એટલે હવે કોઇને માટે કશું લાગતું જ નથી.” વળી માતાજી મને ઘણીવાર કહેતાં કે તમને સેવાની જરૂર હશે એટલે તમે કોઇની હાજરી ઇચ્છો, મારે તો કોઇની સેવાની જરૂર નથી.” હું કહેતો, ‘જુઓ, એવું તો કેમ કહેવાય કે તમારે સેવાની જરૂર નથી ? અને મારે સેવાની જરૂર છે, એવું પણ નથી, દરેક પોતાની શાંતિ ને આધ્યાત્મિક પ્રગતિ માટે સંતપુરુષો પાસે આવતી હોય છે. તો જુઓ, મારી સેવા તો બાજૂએ જ રહી પણ માતાજીની સેવા કરવાનો પ્રસંગ આવ્યો. પ્રભુ કેવું ગોઠવે છે ! અંગત સગાંઓ તો દૂર રહ્યા, પણ કોઇપણ જાતના સંબંધ, સગપણ વિના આ ( સર્વેશ્વરી ) ની સેવા માતાજીએ લેવી જ પડે છે ને ! મેં ગઇકાલે જ માતાજીને કહ્યું, તમારી દવા ને દેખરેખનું કામ હું કરું છું, બહારનું કંઈ લાવવાનું હોય તો તે નારાયણભાઈ કરે છે અને

સૌથી મહત્વનું ને કોઇપણ કંટાળે એવું કામ મા સર્વેશ્વરી કરે છે……એમ કહી વાતો પૂરી થાય છે.

રોજ રોજ પ્રશંસાત્મક વાતો સંભળાવી ગુરુદેવ પ્રભુ કદાચ સર્વેશ્વરીની કસોટી કરતા હોય એમ લાગે છે. તો બીજી બાજુ નિઃસ્વાર્થ ભાવે પરાઈ વ્યક્તિની સેવા કરાવી, નાનકદેવની પ્રસિદ્ધ પંક્તિઓ પ્રમાણે જાણે સેવાનો આદર્શ સ્થાપવા આ થઈ રહ્યું છે કે શું ?

"સુખ દુઃખ દોનો સમ કરી જાનો.
ઔર માન અપમાનો—સાધો મનકા માન ત્યાગો"

અધ્યાત્મ રીતે સર્વશ્રેષ્ઠ ઘડતર ઘડવા જ જાણે લીલાનું સર્જન પ્રભુ કરી રહ્યા હોય એવું લાગે છે. કસોટી થાય એવા વાતાવરણ વચ્ચે પ્રસન્નતાપૂર્વક સેવા કરવાની શ્રેષ્ઠ તાલિમ આજકાલ પૂ. ગુરુદેવની આ વિદ્યાપીઠમાં અમને મળી રહી છે. જીવનમાં એ પણ કદાચ જરૂરી હશે.

આજે માતાજી મણિનગરથી પોતાની દીકરી આવે એની રાહ જોઇ રહ્યાં છે. પૂ. શ્રી કહે છે, "અમે છીએ ને ? ચિંતા નહિં કરવાની વિ." કહીને આશ્વાસન આપે છે. માતાજી પાસે પૂ. શ્રી હોય પછી જગતમાં કોઇની જરૂર એમને જણાતી નથી. માતાજીને પણ ખૂબ ખૂબ સંતોષ છે. પોતાના પનોતા પુત્રની અદ્દભુત પ્રેમભરી માવજતથી માતાજીનો અંતરાત્મા પ્રસન્ન છે. પણ માંદગી એવી વસ્તુ છે કે સ્વજનોને મળવાની ઝંખના એમાં જાણ્યે અજાણ્યે પણ જાગી ઉઠે !

સાંજે સાત વાગ્યે પૂ. શ્રી સત્સંગ માટે બહાર આવે છે તે પહેલાં એક વૈદ્યરાજ માતાજીને તપાસે છે.

આજે પૂ. શ્રી "દિક્કાલાદ્યનવચ્છિન્નાત્…" શ્લોકથી શરૂઆત કરે છે. સંસ્કૃતના બે મહાકવિ કાલીદાસ ને ભવભૂતિ,



ઉપમા કાલિદાસની. ભારવિ કવિનું અર્થ ગૌરવ, દંડી કવિનું પદલાલિત્ય, માઘકવિમાં ત્રણે ગુણો જોવા મળે છે. ઉત્તરરામ ચરિતમાં ભવભૂતિ લખે છે કે સત્પુરુષો સાથેનો સમાગમ પૂર્વના પુણ્યો સિવાય થતો નથી. સંતોનું દર્શન થાય પણ સમાગમ-ઘણી સૂક્ષ્મ વસ્તુ ગણાય. સમ+આગમ, સારી પેઠે સમાગમમાં આવવું. વગેરે વાતો કરી. ૧૯૫૮ થી ૬૪ સુધી મસૂરીમાં પોતે ભાડે રહ્યા પછી ૧૯૬૪ થી ગાંધીનિવાસમાં રહેવાનું થયું, તે વાત પછી ભિક્ષુ અખંડાનંદની અને ગાંધીજીની વાતો કરી.

પ્રવચન જેવોજ આ સત્સંગ પૂરો થયો ત્યાં જ માતાજીની દીકરી ને જમાઈ મણિનગરથી આવી ગયાં. માતાજીને શાંતિ થઈ. પૂ. શ્રી સહિત નારાયણભાઇ વાતોમાં દશવાગ્યા સુધી રોકાયા છે.

આજે પૂ. શ્રીએ માતાજીને પપૈયું, દુધ વિગેરે આપી દીધું. પછી એમનાં દીકરી જમાઇને રૂમમાં બોલાવ્યાં. થોડીવાર બેઠા પણ પૂ. શ્રીએ દૂધભાત વિગેરે લઈ લીધાં. વળી પાછા સૌ બેઠાં.

આજનો દિવસ માતાજીને શાંતિ પ્રદાયક બન્યો હશે, તો પૂ. શ્રીને પણ પોતાની બેને કેટલાયે મહિના પછી દર્શન આપ્યાં. કોઈ આઘાત-પ્રત્યાઘાત વિના શાંતિથી એ મિલન પૂર્ણ થયું. માનસિક અશાંતિમાંથી સંપૂર્ણ શાંતિ ને સંતોષનું પ્રભાત પ્રગટે, એ જ આજના મંગલ દિનની પ્રાર્થના છે. હરિ ૐ.

❋

## * શ્રી પનામાના સ્ત્રી ભક્તોની સદ્‌ભાવભરી ભેટ *

રૂા.
૧૪૭૫ શ્રી ગુલાબબેન વસંતભાઈ ભક્ત.
૭૪૫ ,, મંજુબેન રમેશભાઈ ભક્ત.
૩૯૫ ,, મહિલામંડળ, પનામા.
૩૬૫ ,, લક્ષ્મીબેન સન્મુખભાઈ ભક્ત.
૩૦૭ ,, રમીલાબેન નટવરભાઈ ભક્ત.
૧૬૧ ,, ઉર્મિલાબેન ભગવાનજીભાઈ ભક્ત.
૧૬૧ ,, ભારતીબેન મહેન્દ્રભાઈ પટેલ.
૧૬૧ ,, ,, ,,
૧૬૧ ,, પ્રવીણાબેન સુરેશભાઈ ભક્ત.
૧૬૧ ,, સરલાબેન સન્મુખરાય ભક્ત.
૧૪૬ ,, રંજનબેન પ્રવીણભાઈ ભક્ત.
૭૩ ,, દમયંતીબેન ધનસુખભાઈ ભક્ત.
૭૩ ,, ઇન્દુબેન સુરેશભાઈ ભક્ત.
૭૩ ,, દેવીબેન સીતારામભાઈ ભક્ત.
૭૩ ,, કુંવરબેન રામભાઈ ભક્ત.
૭૩ ,, ધનીબેન વિઠ્ઠલભાઈ પટેલ.
૭૩ ,, દ્વધીબેન રતિલાલ પટેલ.
૩૦ ,, અરૂણાબેન કિશોરભાઈ પટેલ.

*



# અમારી વિદેશ યાત્રા (૭)

નારાયણ હ. જાની

[ પરમહંસ શ્રી યોગાનંદજીના પર્વત પરના આશ્રમની મુલાકાત પછી. ]

પરમહંસ શ્રી યોગાનંદજીના પર્વત પરના આશ્રમની નીચે ઉતરી આવ્યા પછી અમારા વાનના સંચાલક શ્રી ધીરૂભાઇ દેસાઇ અમને લોસ એન્જેલેસમાં આવેલ પરમહંસ શ્રી રામકૃષ્ણ પરમહંસના એક નાના છતાં સુંદર આશ્રમમાં લઈ જાય છે. મારી ઘાડયાળમાં બાર થઇ ગયા છે. હોલીવુડની નજીક આવેલા આ આશ્રમના કાર પારકીંગમાં અમારૂં વાહન ઊભું રહી જાય છે એટલે અમે નીચે ઉતરીએ છીએ. પ્રથમ દૃષ્ટિએ લાગે છે કે આ એક નાનું સરખું સ્થાન છે ને વિદેશની ધરતી ઉપર વસતા સ્વામી વિવેકાનંદ અને પરમહંસ શ્રી રામકૃષ્ણદેવના ભકતોએ તેમની યથાશક્તિ અનુસાર એનું નિર્માણ કર્યું છે. થોડું અંદરના ભાગમાં ચાલીને જતાં એક બાજુ ઉપર સુંદર ખુરસીની બેઠકોવાળો હોલ છે. તેની સામેના ભાગમાં સ્ટેજ જેવું છે ને તેના અંદરના વિભાગમાં પરમહંસ શ્રી રામકૃષ્ણદેવની પ્રતિકૃતિ રાખેલી છે. અત્યારે નિયમ મુજબ એ ભાગ આગળ પડદો છે. અમે હોલમાં પ્રવેશ્યા ત્યારે એક અમેરિકન સ્ત્રી ખુરસી ઉપર બેસી બંધ આંખે ધ્યાન કરી રહી છે. અમારા પ્રવેશથી એને કદાચ ખલેલ પહોંચી હશે; એમ મને પ્રથમ લાગે છે, કારણ કે તેણે આંખ ઉઘાડી બહારના ભાગમાં ચાલવા માંડયું છે. પછી ખબર પડે છે કે શકય હોય તો પડદો હટાવી અમને ગુરુદેવનાં દર્શન થાય તે માટે સંચાલકોને તે કહેવા

ગઈ હોય છે. એના વ્યવહાર પરથી લાગે છે કે આ આશ્રમમાં નિયમિત રીતે આવતી કોઈ સાધિકા છે.

પૂ. માશ્રી સર્વેશ્વરીની સૂચના મુજબ અમે ખૂબ શાન્તિ જાળવી આ હોલમાં પ્રવેશ કરીએ છીએ. અહીં એવી શાન્તિ વ્યાપી રહી છે કે પગની ધીમી આહટ પણ સહજ રીતે કાન સુધી પહોંચી જાય. પૂ. મા અંદર પ્રવેશી ખુરસીઓની આગળના સ્ટેજ ઉપર ચઢી પદ્માસન વાળી ધ્યાનમાં બેસી જાય છે. અમે સહુ પણ નીચેની ફરસ ઉપર ધ્યાનમાં બેસી જઈએ છીએ. અમારી બંધ આંખો સામે શ્રી રામકૃષ્ણદેવનું સ્વરૂપ ખડું થઈ જાય છે, કારણ કે અમારામાંના મોટા ભાગના ભાઈ બહેનોએ કલકત્તાના દક્ષિણેશ્વરની તેમજ શ્રી રામકૃષ્ણદેવના જન્મસ્થાન કામારપુકુરની યાત્રાઓ પણ કરેલ છે. એ મહાપુરુષનો પ્રભાવ સમુદ્રો પાર કરીને ક્યાં ક્યાં પહોંચી ગયો છે, એનો મને વિચાર આવે છે. મનોમન હું એ મહાપુરુષને વંદન કરું છું. પશ્ચિમી વિદ્યાના પ્રભાવ નીચે આવી રહેલી તે વખતની બંગાળની જનતાને એમણે નિરીશ્વરવાદી થતી બચાવી, તો સાથે સાથે ભાવિ પેઢીઓ માટે ઈશ્વરના અસ્તિત્વના સ્વીકારની ઢગલાબંધ અનુભૂતિઓનો વારસો તેઓ શ્રદ્ધાળુઓ માટે મૂકતા ગયા છે.

અહીંનું વાતાવરણ વિક્ષેપ રહિત શાન્તિવાળું હોવા ઉપરાંત આત્મિક ચેતનાથી પણ સભર લાગે છે. ધ્યાનમાં બેસતાં જ મન સહજશાન્તિનો અનુભવ કરવા લાગે છે અને મનની એકાગ્રતા સાધવા સાધકને ખાસ પ્રયાસ કરવો પડતો નથી. અમને એ વાતની પ્રતીતિ થાય છે.

પંદર મિનિટ પછી અમે ઉઠીએ છીએ, પરંતુ પૂ. માનું ધ્યાન હજી લાગેલું જ છે. તેઓ સિદ્ધાં ટટ્ટાર, પદ્માસનમાં



બેઠેલાં છે. તેઓના મુખ ઉપર પ્રસન્નતાપૂર્વકની ઊંડી શાન્તિ લીંપાઈ ગયેલી લાગે છે. તેઓની મુખમુદ્રા તેઓને આંતરિક રીતે અનુભવાતી શાંતિ ને આનંદનું પ્રતિબિંબ પાડે છે. ધ્યાનમાંથી ઊઠ્યાં પછી અમે સહુ પૂ. માને પ્રણામ કરીએ છીએ ત્યારે તેઓ કહે છે, "અમને અહીં ઘણો આંતરિક આનંદ આવ્યો. સારી એવી એકાગ્રતા અને શાન્તિ લાગી." એ સાંભળી અમને આનંદ થાય છે અમે પૂ. માને કહીએ છીએ, "મા, તમારી મુખમુદ્રા જોતાંજ અમને લાગેલું કે તમોને કોઇક અસામાન્ય પ્રકારના આનંદનો અનુભવ થઈ રહ્યો છે."

પછી અમે અહીંની આશ્રમ સંચાલિત દુકાનમાં પ્રવેશ કરીએ છીએ. અહીં શ્રી રામકૃષ્ણદેવ અને સ્વામી વિવેકાનંદના જીવન ઉપરનાં ઘણા પુસ્તકો છે. તે ઉપરાંત મિશનનાં અનેક સાધુઓએ લખેલાં તેમજ પ. પૂ. માશ્રી શારદામાતા ઉપરનું સ્વામી શ્રી શારદાનંદે લખેલ જીવન ચરિત્રનું પુસ્તક પણ જોયું. આ ઉપરાંત ભારતના અનેક ધાર્મિક ગ્રંથોનાં અંગ્રેજીમાં અનુવાદિત પુસ્તકો પણ વેચાણ માટે છે. પરમહંસદેવ, શ્રી શારદામાતા ને સ્વામી વિવેકાનંદના સરસ ફોટાઓ અહીં વેચાણમાં જોઇ અમને આનંદ થાય છે. અમારામાંના કેટલાક તે ખરીદે છે.

શ્રી ધીરૂભાઇનો ચૌદ પંદર વર્ષનો પુત્ર ગૌત્તમ અમારી સાથે છે. તેને ગુજરાતી બહુ આવડતું નથી, પરંતુ તે પૂ. માના ઘણાખરા કાર્યક્રમોમાં હાજર રહે છે. એમાં એને આનંદ આવતો લાગે છે. પૂ. મા એના ગળામાં અહીંથી એક ધાતુનો ॐ ખરીદી બાંધે છે. કેવું સરસ ભાગ્ય ! એને અને અમને સહુને એથી આનંદ થાય છે.

આજનો અમારો આખો દિવસ ધર્મયાત્રાનો છે. એટલે અમે અહીંથી નીકળી પરમહંસ શ્રી યોગાનંદજીના "Lake Shrine"ની મુલાકાતે જઇએ છીએ. એ આશ્રમ સમુદ્ર તટથી બહુ દૂર નથી. નાની ટેકરીની તળેટીમાં સુંદર ફૂલોની સુશોભિત વનરાજીવાળા એ આશ્રમની છાયામાં પેસતાં જ એના પ્રાકૃતિક સૌંદર્યને જોઇ અમારૂં મન ખૂબ પ્રસન્નતા અનુભવે છે. નાચી ઊઠે છે. આવી સરસ પસંદગી માટે અમે પૂ યોગાનંદજીને મનોમન અભિવાદન કરીએ છીએ.

ગાડીમાંથી ઉતરીને તળાવના કાંઠા પરની પગદંડી ઉપર ચાલતા અમે આગળ વધીએ છીએ. પૂ. માને થોડો શારીરિક શ્રમ વરતાય છે, એટલે તેઓ ગાડીમાં આરામ કરે છે, સો એક ડગલાં ચાલતાં તળાવના કાંઠે એક સુંદર કમાન (Arch) છે. તેની પાછળ નાનું શું લીલા ઘાસથી આચ્છાદિત મેદાન છે. તેને એક છેડે નાની સરખી બેઠક કરેલી છે ને એક કુંભમાં ભારતના મહાપુરુષ મહાત્મા ગાંધીજીની અંતિમ ભસ્મ રાખવામાં આવેલી છે. તે દર્શાવતી તકતી પણ ત્યાં શોભી રહી છે. અમે સહુ એ મહાપુરુષના વિદેશની ધરતી પરના સ્થૂલ અવશેષને વંદન કરીએ છીએ. કેવળ ભૌતિકવાદમાં રાચતો જગતને ને પાશવી બળને સર્વશ્રેષ્ઠ માનતા માનવોને એમનું જીવન ને કાર્ય-ચુનોતીરૂપ છે. સુખ કેવળ સંપત્તિ કે સુવિધાઓમાં નથી અને આત્મબળ કરતાં જીવનમાં કોઇ વધારે શક્તિશાળી શસ્ત્ર નથી; એ જીવનોપદેશનો સંદેશ એમની ભસ્મ પણ વિચારશીલ માનવોને આપતી રહેશે. એને સ્થળ અને કાળની કોઇ મર્યાદાઓ અવરોધી નહિ શકે.

તળાવની પગદંડી પર અમે આગળ ચાલીએ છીએ. ત્યાં ગીચ છોડોની વચ્ચે રાખેલી એક બેઠક ઉપર અમે એક



અમેરિકન યુવાનને આંખ મીંચીને ધ્યાન કરતો જોઇએ છીએ. ઓ હો! આ કેવું અદ્ભુત ને વિરલ દૃશ્ય! આ કેવો સંસ્કારી જીવ જે આસપાસના ગળાબૂડ ભૌતિકવાદમાં રાચતા માનવ મહેરામણ વચ્ચે–દીવાદાંડી સમો, કે ભૌતિક સમૃદ્ધિના રણમાં કોઇ રણદ્વીપ (Oasis) જેવો, બાહ્ય પ્રકૃતિના લોભાવનારા પદાર્થોની વચ્ચે આંખ મીંચી અંદરની દુનિયામાં ડૂબી ગયો છે! અમને એને જોતાંજ લાગ્યું કે અમારી જેમ એ પણ અમારા પથનો સહપ્રવાસી છે. હું ને મારા પત્ની એને ઘડીભર જોઈ રહીએ છીએ. અમારા મનમાં એને માટે ભાવ ઉભરાવા લાગે છે. એના ધ્યાનમાં વિક્ષેપ પડે એ ભયે અમે એની સાથે વાત કરવાનો લોભ જતો કરીએ છીએ.

થોડે દૂર ચાલતાં અમે પાછળ જોઇએ છીએ. તો પૂ. મા ધીરે પગલે તળાવની પગદંડી ઉપર ચાલી રહ્યાં છે ને ભગવાનજીભાઇ પૂ. માની વિડીઓ ઉતારી રહ્યા છે. તો શ્રી પંકજ ભક્ત પૂ. માના ફોટા લઇ રહ્યો છે. હવે અમે પગદંડી પર આગળ વધવાને બદલે પેલા આર્ચ પાસે પાછા આવી જઇએ છીએ. પૂ. માને તદ્દન સફેદ વસ્ત્રોમાં જોઇને, તળાવમાં તરતા બે શ્વેત હંસો પણ પૂ. મા જ્યાં ઊભાં છે ત્યાં કાંઠા ઉપર ખેંચાઈ આવે છે. પૂ. મા તેમના પ્રત્યે પ્રેમભરી નજરે નીહાળે છે. એનાથી જાણે કૃતકૃત્ય થએલા એ પાછા ફરી તળાવમાં તરવા લાગી જાય છે. સંત પુરુષની એક પ્રેમભરી દૃષ્ટિ જીવને કૃતાર્થ કરવા સમર્થ છે. તે હંસોનું પણ આવું કોઇ ભાગ્ય હશે કે કેમ તે તો કોણ જાણી શકે? છતાં અમને લાગ્યું કે જાણે એ જીવોને કૃતાર્થ કરવા પૂ. મા અહીં સુધી આવ્યાં, કારણ કે પછી થોડીવાર રોકાઇ તેઓ પાછાં વળી જાય છે.

પૂ. મા અમો સહુને પણ તેઓ તરફ આવતા જોઇને એક નાળા ઉપરની પાળ ઉપર વિસામો કરવા બેસે છે. અહીંનું

દૃશ્ય અતિ સુંદર છે. પૂ. મા સાથે અમારા સહુના સમૂહ ફોટા ને વિડીઓ લેવાય છે. એક સુંદર આધ્યાત્મિક સ્થળની પૂ. મા સાથેની અમારી ઉપસ્થિતિ-કાયમી સ્મૃતિરૂપ ફોટા અને વિડીઓમાં ઝડપાઇ જાય છે, જો કે અમારી સ્મૃતિની આંખમાં તો તે કયારનીય અંકિત થઈ ગઈ છે. એ દૃશ્યનું સ્મરણ કરતાં આજેય અમારૂં મન રોમાંચ અનુભવે છે.

ફરી પાછા ચાલીને અમે એ તળાવની પૂરી પ્રદક્ષિણા કરી, પરમહંસ શ્રી યોગાનંદજીના ( Wooden house ) લાકડાના આવાસ આગળ આવીએ છીએ. અત્યારે ત્યાં સમારકામ થઈ રહ્યું છે એટલે અમે એમાં પ્રવેશી શકતા નથી. પરંતુ બહારથી આ સમગ્ર સ્થળનું જે દર્શન જોનારને ઉપલબ્ધ બને છે તે અતિ આલ્હાદક છે. પ્રાકૃતિક સૌંદર્યના ખજાના જેવું તે લાગે છે. એની ઝાંખી માણસના મન અને અંતરને ટાઢું બોળ કરી દે છે. બીજા સંકલ્પ–વિકલ્પના પરપોટા આપોઆપ શમી જાય છે. એટલે જ આપણા પ્રાચીન ઋષિવરોએ પર્વતો પરના અને નદીતટોના પ્રદેશોને આધ્યાત્મિક સાધના માટે કે તીર્થસ્થાનોની રચના માટે પસંદ કર્યા હતાં. પરમહંસ શ્રી યોગાનંદજી આ સ્થાનમાં પણ આવીને રહેતા. એટલે એ મહાપુરુષના સૂક્ષ્મ આધ્યાત્મિક પરમાણુયુકત એ આવાસને અમે નમન કરી, અત્યારે ધ્યાનખંડ તરીકે ઉપયોગમાં લેવાતા સ્થાન સુધી આવીએ છીએ. આ ખંડમાં ખુરસીઓની સામે દિવાલ ઉપર ત્રણ ફોટા છે–શ્રી લાહીરી મહાશય, શ્રી યુકતેશ્વરાનંદ અને સ્વામી શ્રી યોગાનંદજીના. અમે અહીં પણ આગલી હરોળમાં જઈ, ખુરસી ઉપર બેસીએ છીએ. આંખો મીંચી ધ્યાન કરવાને બદલે અમારૂં મન-એ ત્રણે મહાપુરુષોને પ્રાર્થના કરવામાં લાગી જાય છે. અમારા ગુરુદેવ, અને પૂ. મા તેમજ તેઓની કૃપાથીજ આ સ્થાનની યાત્રાએ અમે આવી શકયા છીએ, નહિ તો બીજા હજારોની જેમ આ દેશમાં આવ્યા છતાં અમે એ મહાપુરુષના કાર્યરૂપ આ તીર્થો કદી જોઈ શકયા ન હોત.



અહીં પણ ( Novelty Shop ) ખરીદી માટેની દુકાન છે. અમે પૂ. મા સાથે તેમાં ફરીએ છીએ. ખાસ લેવા જેવું કંઇ ન લાગતાં બહાર આવી જઇએ છીએ. વાનમાં ગોઠવાતાં પહેલાં અમે તળાવકાંઠાના એ પવિત્ર અને સુંદર આશ્રમને નજરો ભરીભરીને નિહાળી લઇએ છીએ. કેવું અનુપમ નિર્મળ છે એનું પવિત્રતાપૂર્ણ પ્રાકૃતિક સૌંદર્ય ! વંદન હો એ મહાપુરુષને જેણે એની રચના કરી છે.

અમારી કાંડા ઘડિયાળ હવે બપોરના બેનો સમય બતાવે છે. અમારૂં વાન આગળ નીકળે છે ને આ સ્થાનથી નજીકના સમુદ્ર કિનારે અમે આવીએ છીએ. ઘડીભર રોકાઈ અમે વિચારી લઈએ છીએ કે અત્યારે અહીં રોકાવું કે અમારા બીજા યાત્રાના લક્ષ્યધામ શ્રી બાલાજીના મંદિરે જવું. બપોર કરતાં વળતાં આ સ્થાને રોકાવું ઉચિત થશે, એવો નિર્ણય થતાં અમારૂં વાન શ્રી બાલાજીના મંદિરે જવા આગળ વધે છે. એ કેટલાક માઈલ સુધી અમારો માર્ગ એક બાજુ સમુદ્ર તટ અને બીજી બાજુ ટેકરીઓના કાપેલા ઢોળાવો વચ્ચેથી પસાર થાય છે. અહીંથી થોડે આગળ જતાં અમારો રસ્તો ફંટાય છે, જે ડુંગરોની ટેકરીઓની કદીક વચ્ચેથી તો કદીક ઉંચાઈવાળાં ચઢાણોમાંથી પસાર થાય છે.

ડુંગરનાં એક આછા ઢોળાવવાળા લાંબા વિસ્તારના મેદાન ઉપર આવેલા એક યુનિવર્સિટીના કોમ્પ્લેકસ પાસેથી અમે પસાર થઇએ છીએ. પરંતુ એ યુનિવર્સિટીનું અટપટુ નામ મને યાદ નથી રહેતું. છતાં આવા પ્રાકૃતિક સૌંદર્યપૂર્ણ

સ્થળની પસંદગી કરવા બદલ એના સંસ્થાપકને માટે આપણા દિલમાં માન ઉપજ્યા વિના નથી રહેતું.

આગળ ચાલતાં અમારો માર્ગ બે ડુંગરોની હારમાળાની ખીણમાંથી પસાર થાય છે, ત્યારે હિમાલયના પર્વતીય પ્રદેશોની યાત્રાનું સ્મરણ સહજ રીતે થઈ આવે છે. અહીંના ડુંગરોની ઉંચાઈ ઠીક ઠીક છે અને તે લીલોતરી અને વૃક્ષોથી છવાયેલા હોઈ, જોતાં જ આંખોને ટાઢક વાળી દે છે. અહીં બીજા માર્ગોના પ્રમાણમાં વાહનોની અવર જવર ઓછી જણાય છે એટલે જવા આવવાની માત્ર બે અલગ લાઈનો જ છે. લગભગ ચાલીસેક માઈલનું અંતર કાપીને અમે અમારા લક્ષ્ય શ્રી બાલાજીના મંદિરના વિસ્તારમાં પ્રવેશીએ છીએ.

દક્ષિણ ભારતના વિખ્યાત મંદિર તિરૂપતિ બાલાજીની થોડી નાનીશી પ્રતિકૃતિ જેવો એનો દેખાવજ એના ભારતીય સ્થાપત્યની પ્રતીતિ કરાવી જાય છે. ભારતથી હજારો માઈલ દૂર ડુંગરોની વનરાજી વચ્ચે કેવું સરસ સ્થાન દક્ષિણ ભારતના ધર્મપ્રેમી ભાઈ બહેનોએ ફંડ એકઠું કરીને ચાર પાંચ વર્ષો પરજ બનાવ્યું છે, એ એમના હૃદયમાં શ્રી બાલાજી પ્રભુ પ્રત્યેની રહેલ શ્રદ્ધાની દીવાદાંડી સમું લાગે છે. ધન્ય છે એમની શ્રદ્ધાને અને એમના ભારતીયતાના ગૌરવને !

બપોરના ત્રણના સમયે અહીં પહોંચીએ છીએ. તપાસ કરતાં માલુમ પડે છે કે મંદિર ચાર વાગે ખૂલે છે. એટલે અમે અમારા સમયનો ઉપયોગ શ્રી કંચનબેને વહેલી સવારે તૈયાર કરી આપેલ હાંડવાનો પ્રસાદ લેવામાં કરીએ છીએ. મંદિરના બહારના ભાગમાં કાર પારકીંગ પાસેજ વનરાજીવાળી જગામાં બેસી ભોજન પતાવતાં અમને ભારતનાં કરાતા



'વન-અકોત' (જંગલમાં તૈયાર ભોજન લઈ વૃક્ષ નીચે બેસી ખાવાનું) યાદ આવી જાય છે. અમે પરદેશની ભૂમિ પર દિવસમાં એકજવાર ભોજન કરીએ છીએ એટલે અમને પૂરા ભોજન જેટલો હિસ્સો સહુ પ્રેમથી આપે છે. અમને એમના પ્રેમભર્યા વ્યવહારથીજ વિશેષ તૃપ્તિ થઈ જાય છે.

પૂ. માને આજે નિર્જળા છે. વળી સવારથી પ્રવાસ અને ક્યાંક ક્યાંક ચાલવાનું પણ થતું રહે છે. એનો પરિશ્રમ પણ છે. પૂ. મા વૃક્ષના છાંયે રાખેલ ગાડીમાં આરામ કરે છે. એમને જોતાંજ અમને વિચાર આવે છે કે આટલા બધા ઉપવાસોની તપશ્ચર્યા વચ્ચે એમણે આ પરિશ્રમ શું કામ ઉઠાવ્યો છે ! એ વિચારનો એકજ જવાબ મળે છે–'અમારે માટે,' પૂ. માએ તો ભારતમાં લગભગ બધાંજ તીર્થો જોયાં છે અને શ્રી તિરૂપતિ બાલાજીની યાત્રા પણ પૂ. શ્રી યોગેશ્વરજી જેવા સમર્થ સંત સાથે કરી છે. વળી તેઓ પોતે આજે એક જંગમ તીર્થ જેવાંજ બની ગયાં છે. છતાં પવિત્ર તીર્થોને મહિમા ધરવા સંત મહાત્માઓ ત્યાં જતા હોય છે. પૂ. માનું પણ એવુંજ છે. વિદેશની ધરતી ઉપર ભારતીય સંસ્કૃતિનાં ધાર્મિક પ્રતીક સમાં સ્થળો અમે જોઈ શકીએ એ એક ભાવનાએજ એમને આ યાત્રામાં જોડાવા પ્રેર્યાં છે. પૂ. માની પોતાના શારીરિક કષ્ટને ભોગે બીજાને સુખ ધરવાની ભાવનાનુંજ અમને અહીં દર્શન થઈ રહ્યું છે. એમની ભક્તો પ્રત્યેની કરૂણામય ભાવનાને અમે જેટલું વંદીએ એટલું ઓછું છે.

બરાબર ચાર વાગે શ્રી બાલાજી ભગવાનનાં દ્વાર ખુલે છે. એજ ભારતીય પ્રભુના સ્વરૂપની જ આબેહૂબ પ્રતિકૃતિ. પુછતાં માલુમ પડે છે કે એ પ્રતિમા ભારતથી જ લાવવામાં

આવી છે. એના પૂજારી પણ દક્ષિણ ભારતના છે. તેઓ અંગ્રેજી અને સંસ્કૃત સરસ બોલી જાણે છે. એમણે પોતાનો પોષાક પણ દક્ષિણ ભારતની પરંપરાવાળો ધોતિયાનો રાખ્યો છે. પ્રણાલિ પ્રમાણે અમે સહુ ભેગા થતાં કપુરથી પ્રભુની આરતી ઉતારવામાં આવે છે. ને તે પછી અમો સહુને તેની આશકા ધરવામાં આવે છે. અમે સહુ પ્રભુને વંદન કરી પૂ. માના ચરણોમાં વંદન કરીએ છીએ. એ જોઈ પેલા પૂજારીને પ્રથમ કૂતુહલ ને પછી આશ્ચર્ય થાય છે. શરૂમાં તેઓ તરફથી અમને અહીં ફોટા પાડવાની અકડાઇપૂર્વક ના પાડવામાં આવે છે. પછી શ્રી ભગવાનજીભાઇ તેને અંગ્રેજીમાં પૂ. માની તપશ્ચર્યાની વાત કરે છે. તેથી તે ભાઈ અભિભૂત થાય છે ને તેમનું વલણ સાવ બદલાઈ જાય છે. શ્રી ભગવાનજીભાઈને ગમે તે સ્થળના ફોટા લેવા પછી તેઓ અનુમતિ આપે છે.

આ બધી વાતચીત વખતે પૂ. મા તો સાવ નિર્લેપની જેમ બહાર આવીને ઊભાં રહી જાય છે. તેમને પોતાની મેળે પોતાને વિષે કંઈ કહેવાનું જ નથી, જાણે બીજા હજારોની જેમ પોતે પણ એક સામાન્ય વ્યકિત હોય એવો નમ્રભાવ એમના વ્યહવારમાં છતો થતો રહે છે. પોતે કોઇ વિશિષ્ટ વ્યકિત છે એવું કોઇને તેઓ કદી લાગવા દેતાં નથી, એ એમની અસામાન્ય વિશેષતા છે.

મંદિરનું પ્રાંગણ પણ વિશાળ છે. તેના ચાર ખૂણે ચાર નાનાં મંદિરો છે, જેમાં પ્રભુનાં ભિન્ન ભિન્ન સ્વરૂપોની પ્રતિમાઓ છે. અમે તેમની પ્રદક્ષિણા કરીએ છીએ. પર્વતોની ટેકરીઓ વચ્ચેનું આ સ્થાન ખરેખર અનોખું લાગે છે. અહીં ઘણી શાન્તિ છે ને આસપાસ ખાસ વસ્તી ન હોવાથી એના વાતાવરણની સ્વચ્છ શીતલ હવા મનને આલ્હાદક લાગે



છે. શાંત મૂંગા ઊભેલા પર્વતો પ્રભુના પહેરેગીર જેવા ને મંદમંદ પવનના સ્પર્શે હાલતી વૃક્ષની ડાળીઓ–જાણે પ્રભુને વીંઝણો નાંખતી હોય એવું લાગે છે. શહેરીજીવનની ધમાલિયા પળોજણથી કંટાળેલા માણસના તનને અહીં હાશ કહી બેસવાનું મન થાય એવી શાન્તિ અહીં જરૂર છે.

પૂ. મા અહીંના દરવાજે સમૂહ વચ્ચે ઊભા રહીને ફોટા ને વિડીઓ લેવડાવે છે. અમારી પ્રસન્નતા ખાતર પૂ. મા શું શું નથી કરતાં! પોતે બધાથી નિર્લેપ છતાં ભકતોની પ્રસન્નતા માટેનો એમનો વ્યહવાર અમો સહુને પ્રફુલ્લિત કરી દે છે.

પાછાં ફરતાં પૂ. મા પોતાના વાહનમાં આગળના ભાગમાં અમને બેસાડે છે ને આજની યાત્રાની વાતો કરે છે. શ્રમ ઘણો છે પણ મનની પ્રસન્નતાને એ બાધારૂપ નથી બનતો એવું પૂ. માની મુખમુદ્રા જોતાં લાગે છે.

સમુદ્ર કિનારે અમે સહુ આવીએ છીએ. પણ અત્યારે માણસોની ભીડ ઠીક ઠીક છે. વળી પવન પણ ઘણો છે. એટલે સમુદ્રના વારિમાં પગ ઝબોળી અમે પાછા ફરી જઇએ છીએ.

અમારા વાનના ચાલક શ્રી ધીરૂભાઇ પૂ. શ્રી મુકતાનંદજી બાબાના આશ્રમ સાથે સંકડાયેલા છે. એટલે તે સ્થાન માર્ગમાં આવતું હોવાથી અમોને બતાવવાનું પ્રલોભન રોકી શકતા નથી. અમારે તો આજે ધર્મયાત્રાનો જ દિવસ છે એટલે મોડુ થવાનો પ્રશ્ન જ નથી. થોડી પૂછપરછ પછી આશ્રમના નવા બદલાયેલા સ્થાનમાં અમે પૂ. મા સાથે પહોંચી જઇએ છીએ. મોટું સરસ મકાન છે. અંદરના હોલના દરવાજા બંધ છે, પણ તે ખોલતાં જ તેમાં સંગીતના સાજ સાથે ૐ નમઃ શિવાયની ધૂન દસબાર પરદેશી યુવક યુવતીઓ ગાઇ રહ્યાં છે. એ ખૂબ મધુર લાગે છે. વિષયોના ઉપભોગથી

થાકેલી ઇન્દ્રિયોને એ મંદ આરોહ અવરોહથી ગવાતી ધૂન, તાજગી પ્રેરવાનું કામ કરતી લાગે છે. પૂ. બાબાના ને તેઓના ગુરુ પૂ. શ્રી નિત્યાનંદજીના સુંદર ફોટાઓ નાના સ્ટેજ ઉપર ગોઠવેલા છે. પુષ્પોના ગુચ્છોની સુવાસ ને અગરબત્તીઓની સુગંધથી વાતાવરણમાં આધ્યાત્મિક પસરાટ અનુભવાય છે. હોલની એક દિવાલ ઉપર દક્ષિણ ભારતના સંતો–સંત જ્ઞાનેશ્વર, સંત તુકારામ, સંત સખૂ ને ચોખામેલાના ફોટાઓ જોઈ, અમને સાનંદ આશ્ચર્ય થાય છે. એક સંત પુરુષનું પરદેશગમન શું કરી શકે, એનું દર્શન અમને થાય છે. ધન્ય છે મુકતાનંદ બાબાને. અમે વિદેશની ધરતી ઉપર આવેલાં ભારતીય સંતોની પ્રતિકૃતિઓને પણ પ્રણામ કરીએ છીએ. બહારથી લોબીમાં પૂ. મુકતાનંદ બાબાનો ઉત્તરાધિકારી યુવાનવયનાં પૂ. શ્રીની ધ્યાનસ્થ મુદ્રાવાળો સુંદર ફોટો અમારૂં ધ્યાન ખેંચે છે. અમે એને પણ વંદન કરીએ છીએ.

આજે અહીં ભારતથી આવેલા કોઇ સંન્યાસી સ્વામીજીનું પ્રવચન છે. એટલે ધીમે ધીમે શ્રોતાઓ આવતા જાય છે. અમારી પાસે વધુ સમય નથી, એટલે અમે પૂ. મા સાથે ધીરેથી બહાર આવી જઇએ છીએ.

પૂરા એક કલાકના ડ્રાઇવ પછી અમે અમારી એલોહા મોટેલ ઉપર આવી જઇએ છીએ. અત્યારે ઘડિયાળમાં નવ વાગ્યા છે. પૂરા બાર કલાક ઉપરની અમારી એ ધર્મયાત્રા–જીવનના ધન્ય દિવસોમાંની એક બની ગઈ–પૂ. માને લીધે જ. એક દિવસમાં જ અમે કેટલું બધું પામ્યાં–અમારા નાનાશા અંતરમાં એ બધું કેમ સમાય! (ક્રમશઃ)

—*—



# આસક્તિમાંથી છૂટવાના ઉપાય

ધમ્મપદ

[ મનુષ્ય મનનો એ સહજ સ્વભાવ છે કે સારી કે સુંદર વસ્તુ તરફ એ આકર્ષાય. એટલે એમાંથી એને માટે રાગ કે આસક્તિ જન્મે.

દાખલા તરીકે શરીરની સુંદરતા જોઈ તેના પ્રત્યે રાગ કે આસકિત થવાની. આવી આસક્તિમાંથી કેમ બચાય? તે માટે ધમ્મપદ એટલે બૌદ્ધ ધર્મનાં પદોમાં યમક વિભાગની સાતમી ગાથામાં સુંદર છણાવટ કરી છે.

ગાથાઃ–જે શરીરની સુંદરતાને શુભ સમજીને પોતાનું વર્તન ચલાવે છે, ઈંદ્રિયોને સંયમમાં રાખતો નથી, ખાનપાનની મર્યાદાને સમજતો નથી, આળસુ ને પરાક્રમ વિનાનો છે તેને, નબળા ઝાડને હવા ઉખેડી નાંખે છે તેમ સેતાન જરૂર ઉખેડી નાંખે છે. (૭)

આ ગાથા ઉપર જે ટીપ્પણી આપવામાં આવી છે તે મનુષ્ય માત્રને ઉપયોગી હોઇ અહીં આપી છે. ]

શરીરની સુંદરતાને અશુભ સમજીને તેમાં આસકિત ન કરવી જોઇએ. જે વસ્તુ આખરે દુઃખકર છે તેમાંથી મનને હટાવવાને તે વિષે વિવેકપૂર્વક ઘૃણા કેળવવી જોઈએ અને જે ચીજ સુખકર છે, તે તરફ મનને વાળવા માટે તે વિષે વિવેકપૂર્વક પ્રેમવૃત્તિ કેળવવી જોઇએ. આમ થાય, તો જ કુસંસ્કારો છૂટી શકે અને સુસંસ્કારો લઇ શકાય. સાથે 'વિવેક' હોવાથી ઘૃણા 'દ્વેષનુ' રૂપ લે ને 'પ્રેમ' આસકિતનું રૂપ લે એવો ભય રાખવાનું કારણ નથી.

મનુષ્યનું શરીર સૌંદર્ય વગેરે જોઇને સાધારણ માણસને તે સુખકર લાગે છે, તેથી તેના તરફ તેની આસકિત વધે છે.

એના પરિણામે ભારે ક્લેશો ઊભા થાય છે અને જગત દુઃખમય બની જાય છે.

આ સ્થિતિમાંથી બચવા માટે આપણા આર્ષ (દીર્ઘદૃષ્ટિવાળા) પુરુષોએ પોતાની સાધના અને અનુભવથી જણાવ્યું છે કે, એ લાવણ્ય કે સુંદરતા વગેરેનાં મૂળ વૈજ્ઞાનિક કારણો વિવેકપૂર્વક તપાસો તો જણાશે કે જે ચીજને સાધારણ માણસ પણ ઘૃણાની દૃષ્ટિએ જુએ તેવાં હાડકાં, ચામડું લોહી વગેરેને જ એ માણસ પોતાના રાગભાવથીજ મનોહર સમજે છે, એટલે એ સુંદરતા વગેરે પ્રત્યે આસક્તિ રાખવાને બદલે વિવેકી પુરુષે તટસ્થવૃત્તિ રાખવી ઘટે. આમ કરવા માટે તે તરફ અશુભપણાનો સંકલ્પ કેળવો એ પણ એક સાધન છે.

સાથે સાથે વિવેકવૃત્તિ પણ ચાલતી રહેવાથી એ વસ્તુઓ તરફ દ્વેષ થવાનો સંભવ નથી. વિવેક ન હોય તો દ્વેષ વૃત્તિ કેળવાય અને એથી વળી ભારે બીજો અનર્થ ઊભો થાય. માટે અશુભપણાના સંકલ્પ સાથે વિવેક હોવોજ જોઇએ.

વિવેક વગરના કેટલાક અશુભપણાનો સંકલ્પ કરનારા શરીરને બેહદ દમે છે. સ્નાન વગેરે બાહ્ય શૌચ અને મુખશૌચ (મુખની સફાઇ) પણ ત્યજી દે છે. એ પ્રકારનું શરીર પ્રત્યેનું અશુભ દર્શન વિવેકહીન છે. તેથી ઉલ્ટુ જે લોકો શરીરને જ સાચવવામાં-હુલાવવામાં જ મસ્ત રહે છે અને શરીરની સગવડ માટે બીજા કોઇની સગવડ-અગવડનો વિચારજ કરી શકતા નથી, એ પણ એટલું જ ખરાબ છે. આ રીતે વિવેક વગરનું શરીરની સુંદરતા પ્રત્યેનું અશુભદર્શન અને વિવેકહીન શુભ દર્શન બન્ને સંસારને માટે-જનસમાજને માટે હાનિકારક છે. એટલે વચલો તટસ્થવૃત્તિનો-સમભાવ પણાનો માર્ગજ કલ્યાણકારક છે.

આથી આ વિવેકવૃત્તિને લક્ષમાં રાખીને શ્રીમદ્ આચાર્ય શ્રી શંકરાચાર્ય મહારાજે પોતાના "ભજ ગોવિંદમ્" સ્તોત્રમાં



એક સુંદર શ્લોક લખ્યો છેઃ-

નારીસ્તનભરનાભિનિવેશમ્,
મિથ્યા માયા મોહાવેશમ્,
એતન્માંસવસાદિ વિકારમ્,
મનસિ વિચિન્તય વારંવારમ્ !

આ શ્લોકનો શબ્દાર્થ આ પ્રમાણે છે.

"નારીની છાતીનાં ભરાવદાર અંગો અને નાભિના મનોહર પ્રદેશનું સૌંદર્ય માયા મોહના મિથ્યા આવેશને જન્માવનારૂં છે. ભલા! આ (નારીનો દેહ) તો માંસ અને ચરબી વગેરેનું પિંજર જ છે, એમ મનમાં વારંવાર વિચાર કર અને ગોવિંદને ભજ, ગોવિંદને ભજ."

આ શ્લોકના ભાવાર્થ ઉપર સંસ્કૃતના વિદ્વાન આચાર્ય ને આર્ય સંસ્કૃતિના મર્મજ્ઞ વિચારક એવા શ્રી ભાઇશંકરભાઈ પુરોહિતે સરસ ટીપ્પણી લખી છે, જે સહુ વાંચકોને ઉપયોગી થશે એ દૃષ્ટિએ વિગતે આલેખી છે.

તૃષ્ણાની જેમ કામ પણ માણસની સુખશાંતિનો પરમ શત્રુ છે. 'કામ' એ શબ્દના ઘટક બે અક્ષરો છે. ક+આમ. 'ક' એટલે સુખ અને 'આમ' એટલે રોગ અથવા કાચુ (પિત્ત). જે ભોગ સુખરૂપે દેખાય છે તે વાસ્તવમાં રોગ હોય છે. જે સુખ કાચુ જ સુખ હોય તેને કામ કહે છે. આ કામનો ઉદ્ભવ મોહને લીધે થાય છે. વસ્તુની યથાર્થતાનો -જેવી છે તેવા પણાનો-વિચાર જેનાથી નષ્ટ થઇ જાય તેને મોહ કહે છે. સ્વભાવે નશ્વર અને પરિણામે જુગુપ્સાજનક (ઘૃણાજનક) વસ્તુમાં સૌંદર્ય અને સુખદાયીપણાનો વિચાર મોહને કારણે થાય છે. વિજાતીય વ્યકિત માટેના મોહમાંથી કામ પ્રકટે છે અને જડ દૃશ્યના આકર્ષણમાંથી તૃષ્ણા જન્મે છે. આ બન્ને શાન્તિના શત્રુઓ છે.

જેના માટે કામ અને તૃષ્ણા હોય તેના વાસ્તવિક સ્વરૂપનું

ચિંતન અને મનન તેનામાં રહેલી પોકળતાને છતી કરે છે; એના માટેનું ખેંચાણ નબળું પાડે છે ને છેવટે એમાંથી છૂટવાનું સહેલું બનાવે છે. એટલા માટે જ અહીં કામનું-વિષયનું અને એની પોકળતાનું વારંવાર ચિંતન કરવાનું જણાવાયું છે.

કામ જેટલો વિઘાતક પુરુષ માટે છે એટલો જ સ્ત્રી માટે પણ છે. શ્રીમદ્ શંકરાચાર્યે પુરુષ સમાજને ઉદ્દેશીને કહેલી આ વાત સ્ત્રી સમાજને પણ એટલી જ ઉપયોગી છે.

કામ પણ તૃષ્ણાની જેમ કદી સંતોષાતો નથી, તૃપ્ત થતો નથી. કામની અતૃપ્તિમાંથી ક્રોધ જન્મે છે. કદીક થોડી ક્ષણિક તૃપ્તિ થાય તો પણ તે વધુ ને વધુ ભડકતી આગની જેમ અતૃપ્તિ જન્માવે છે. કામ એકવાર પ્રગટે પછી એને રોકવાનું કઠણ છે. માટે જેનાથી તે જન્મે છે તે દૃષ્ટિનો જ સંયમ થવો ઘટે. ન જોવા યોગ્ય વસ્તુઓની જોવી તેમ જ અસદાચારીઓની સોબત કરવી આ બન્નેનો ત્યાગ કામથી બચવા માટે જરૂરી છે. અહીં જે કામને ત્યજવાનો ઉપદેશ છે તે ધર્મવિરુદ્ધ કામને લગતો છે. ધર્મને અનુરૂપ કામ પણ સંયમ ન હોય તો અનર્થકારી બની શકે છે. મોહના આવેગથી થતો કામ અનર્થકારી જ બને, કારણ કે તેમાં સંયમ થઈ શકતો નથી. ઇન્દ્રિયોના આવેગોના શમન વગર વિવેક, શાંતિ કે સુખ સંભવી શકતાં નથી.

આસકિત જેમ સ્ત્રી-પુરુષની હોય, તેમજ ધન પરિવાર અને પ્રવૃત્તિની પણ હોઈ શકે. પરંતુ માણસ થોડો અંતરમુખ થાય અને વિચાર કરે તો તે બધાંનો સંબંધ દેહ કે શરીર સાથે જ છે, જે ગમે ત્યારે નાશ પામી શકે છે; ક્ષણિક છે. એટલે જે નાશવંત છે તેમાં વિચારશીલ માનવે કદી આસક્તિ ન કરવી. આસક્તિ કરવી જ હોય તો એક આત્મામાં કે પ્રભુમાંજ કરવી. જેમનો કદી નાશ નથી. ●



# કૃપા-વૃષ્ટિ

કમલ સુથાર

વૃષ્ટિ એટલે વરસવું. વૃષ્ટિ એટલે વર્ષા. વરસાદ સૂર્યની ગરમીથી ધરતી તપે; હવા તપે; પાણી તપે. પાણીની વરાળ થઈ ઊંચે આકાશમાં ચડે છે અને તે ઠંડી પડતાં તેની પાણી રૂપે વૃષ્ટિ થાય છે. વૃષ્ટિ થતાં ધરતી ભીંજાય છે. ધરતી તૃપ્ત થાપ છે. અન્ન ઉત્પન્ન થાય છે. અન્નથી માનવ-જીવન ટકે છે. વૃષ્ટિથી પ્રાણી જીવન ટકે છે. ધરતી ઉપર હરિયાળી લહેરાય છે. વૃક્ષોને નવ-જીવન મળે. વૃષ્ટિથી નવીન સૃષ્ટિનું સર્જન થાય છે.

વૃષ્ટિ સૃષ્ટિનું જીવન છે: વૃષ્ટિ આનંદ આપે છે, તપ્ત જીવનને તૃપ્ત કરી શાન્તિ આપે છે: જલવૃષ્ટિથી ધરતી ધન્ય બને છે: પ્રભુ-કૃપા-વૃષ્ટિથી માનવ-જીવન ધન્ય બને છે:

તપથી, તિતિક્ષાથી, સાધનાથી જીવનના આધારો શુદ્ધ થાય છે. વિકારો દૂર થાય છે. અશુદ્ધિઓ દૂર થાય છે. અને એક શુદ્ધ ભૂમિકા તૈયાર થાય છે: આવા વિશુદ્ધ આધારમાં જ પ્રભુ-કૃપા-વૃષ્ટિ ઝીલી શકાય છે:

કૃપાનો અર્થ બતાવતાં શ્રી રામકૃષ્ણ પરમહંસ કહે છે: કૃ=કરો. અને પા=પાઓ. શ્રેયનો પુરુષાર્થ કરો ને પરમાત્માની દિવ્યશકિત ( કૃપા ) મેળવો.

પ્રભુની કૃપા મેળવવા મનુષ્યો પ્રાર્થનાનો સહારો લઈ શકે છે. કોઈ વિકટ પરિસ્થિતિ હોય; મતિમૂંઝાતી હોય, જ્યારે બીજો કોઈ આધાર ન હોય, ત્યારે અસહાય, નિરા-

ધાર શ્રદ્ધાળુ માણસો પ્રભુ-કૃપાની યાચના કરે છે : એ વખતે પ્રભુ પ્રત્યે તેમનો સમર્પણ ભાવ હોય છે અને આવા સમર્પણ ભાવ યુક્ત હૃદયમાં, ચિતમાં પ્રભુ-કૃપાની વૃષ્ટિ થાય છે : શ્રેય સાધકોને સબળ આધાર મળે છે. મૂંઝવણો દૂર થાય છે; વ્યથાઓ વિલીન થાય છે. અને આ માયિક અંધકારમાં તેમને પ્રભુ-કૃપા-રૂપી દિવ્ય-પ્રકાશ લાધતાં તેઓ ભવસાગર તરી જાય છે :

પ્રભુ-કૃપા માનવ-જીવન ને ઊર્ધ્વગામી બનાવે છે : માનવ ને પાશવિક ધરાતલ પરથી ઊંચે ઊઠાવી તેને પરમ દિવ્ય ભૂમિકા ઉપર લઈ જાય છે : પ્રભુ-કૃપા-વૃષ્ટિ થતાં જીવનું શિવમાં રૂપાંતર થાય છે :

પ્રભુ-કૃપા સૂક્ષ્માતિસૂક્ષ્મ છે : તે અમોઘ ઔષધ છે : પ્રભુ-કૃપા એ એક એવો દિવ્ય પારસમણિ છે કે જેનો સ્પર્શ થતાં માનવ-જીવન દિવ્ય-સુવર્ણ-રૂપ થઈ જાય છે :

જે નમ્ર બને છે, નિરહંકારી બને છે, તે પ્રભુ-કૃપા ઝીલવાનો અધિકારી બને છે :

પાણી, વૃષ્ટિ-જડ પથ્થરો ઉપર વરસે તો પથ્થરો એનાથી ભીંજાતા નથી. જડ પથ્થરોમાં પાણી પ્રવેશી શકતું નથી. પણ પોચું રૂ હોય તો તરતજ ભીંજાઈ જાય છે. પોચી, નરમ માટી હોય તો સહેલાઈથી ભીંજાઈ જાય છે. પછી એને જેવો આકાર આપવો હોય તેવો આકાર આપી શકાય છે : તેમ મનુષ્યનું હૃદય પણ નમ્ર બનેલું હોય, કોમળ હોય, પવિત્ર હોય, શ્રદ્ધાયુક્ત હોય તો તે પ્રભુ-કૃપા-વૃષ્ટિ ને સહેલાઇથી ઝીલી શકે છે : ને પોતાના સમગ્ર અસ્તિત્વનું દિવ્ય રૂપાંતર કરી શકે છે :



પ્રભુની દિવ્ય-સૂક્ષ્મ-કૃપા-વૃષ્ટિ અહર્નિષ વરસ્યાજ કરે છે. અહંકારની મજબૂત, જડ-દિવાલોને ઓગાળી નાખો, અને હૃદયનાં સાંકડાં દ્વાર ખૂલ્લાં રાખો તો અનંત-શાશ્વત-પ્રભુની દિવ્ય-અમૃત-ધારાઓની વૃષ્ટિ તેમાં થશે. અને પછી તમે અલૌકિક આનંદ અનુભવશો. શાશ્વતશાન્તિ અનુભવશો. પ્રભુ-કૃપા-વૃષ્ટિ ની અમૃત-ધારાઓ ઝીલતાં તમારું જીવન ધન્ય બની જશે.

પ્રત્યેક કામ બહુજ ધીરજ રાખી સારું કરવાનો સ્વભાવ પાડશો.

IS: 10001

ઓ. ૨૫૬૬૮
ફે. ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. ૪૬૪૭૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હૉ. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨

# પૂ. માશ્રી સર્વેશ્વરીનું સ્વદેશાગમન ને સત્કાર

જ્યોત્સ્નાબેન ત્રિવેદી

પૂ. માશ્રી સર્વેશ્વરી છ માસ અને ત્રેવીસ દિવસની અમેરિકા કેનેડા અને ઇંગ્લેન્ડની સફળ વિદેશયાત્રા પછી તા. ૮-૧૨-૮૮ની મધ્યરાત્રિ પછી ભારત પાછા ફરી રહ્યાં છે એ સમાચારેજ શ્રી યોગેશ્વર પરિવારના સભ્યોમાં આનંદ અને ઉત્સાહની લાગણી જન્માવેલી. પરિણામે મુંબઈ ખાતેના સહાર એરપોર્ટ ઉપર-તા. ૮ મીની મધ્યરાત્રિએ પૂ. માનું સૌ પ્રથમ દર્શન પામવા ત્રણસો ઉપરાંત આંખો ઉત્સુક્તાપૂર્વક સહાર એરપોર્ટના Exitના દરવાજે મંડાયેલી રહી તપાસ કરતાં ખબર પડી કે વિમાન તો દોઢ કલાક મોડું છે-એટલે ઘડી-ભર એ નજરોએ વિસામો ખાધો.

ત્યાં તો બરાબર સાડા ત્રણના બ્રાહ્મમુહૂર્તમાં પૂ. માની પ્રતીક્ષામાં ઊભા રહેલા કોઇકે બૂમ પાડી. 'એ મા દેખાયાં' ને સહુ સાધકોએ એરપોર્ટના વાતાવરણને "જય યોગેશ્વર, જય મા સર્વેશ્વરીના' જયઘોષથી ગજાવી મૂકયું.

આ એરપોર્ટ ઉપર રાજકીય નેતાઓના આગમન પ્રસંગો-એ જયઘોષ તો ઘણા થતા રહે છે, પરંતુ તે કાં તો પક્ષના કાર્યકરોના અથવા ભાડુતી સત્કારનારાઓના હોય છે. એથી ઉલ્ટુ આ બધા અધ્યાત્મ માર્ગના પ્રવાસીઓની પૂ. મા પ્રત્યેના અંતરના પૂજ્ય સાહજીક ભાવની ઉદ્ઘોષવાણી હતી. એમાં સાત્ત્વિકતા હતી, પ્રેમ હતો ને આનંદની અભિવ્યક્તિ હતી.



નિર્જળા વ્રત અને સતત ૨૩ કલાકની મુસાફરી પછી લગભગ ૧૭૦૦ દિવસો ઉપરનાં વ્રતધારી માની કૃશ કાયાને થાક તો લાગેને ! છતાં પૂ. મા બધાજ સાધકો વચ્ચે આવ્યાં, બેઠાં ને અનેક ફુલહારોનો સત્કાર ઝીલી બોલ્યાં, "તમો બધાં અમારા પ્રત્યેના પ્રેમને લીધે કેટલું બધુ કષ્ટ ઉઠાવી આવ્યાં છો ! એ જોઇને અમારૂં હૃદય ભાવવિભોર બને છે. પ્રભુ તમો સહુને સુખ ને શાન્તિ આપે-એવી અમારી અંતરની ભાવના વ્યકત કરીએ છીએ."

ખૂબ થાકેલ છતાં, વ્યક્તિગત પ્રણામો ઝીલતાં પૂ. મા સહુના ખબર અંતર પૂછે છે. સહુને લાગે છે પૂ. મા અમને ભૂલ્યાં નથી. મા અમારાંજ છે.

પૂ. મા સાથે અમેરિકાથી આવેલ શ્રીમતી કંચનબેન ભગવાનજીભાઈ ભક્ત અને શ્રીમતી જ્યોત્સ્નાબેન રાજુભાઈ શાહને પણ સહુ ઉમવકાભેર આવકારે છે.

બે લકઝરી બસો ને બીજી ગાડીઓનો કાફલો પૂ. માના ઉતારે શ્રી મધુભાઇ ભટ્ટને ત્યાં બોરીવલી પહોંચે છે ત્યારે સવારના પાંચ વાગી ગયા છે. પુ. મા ઉતારે પહોંચી સહુથી પહેલું કામ-પોતાના મુંબઇ સફળ પહોંચ્યાના સમાચાર અમેરિકા આપવાનુ' કરે છે.

બહારગામથી આવેલા સાધકભાઇ બહેનોના ઉતારાની તો ઠીક-પરંતુ ભોજનની વ્યવસ્થા પણ શ્રી પ્રકાશભાઇ ભટ્ટને ત્યાં કરી છે. શ્રી હરગોવિંદભાઇ ભટ્ટનો સમગ્ર પરિવાર પૂ. માના આગમને પૂ. માની તેમજ સાધકોની સુવિધામાં લાગી ગયો છે. કેવી સરસ સદ્ભાવના !

તા. ૧૧-૧૨-૮૮ ના રોજ પૂ. માના સ્વાગત નિમિત્તે એક આખા દિવસના સરસ કાર્યક્રમનું આયોજન મુંબઇના

બોરીવલી ધ્યાન કેન્દ્રના ભાઈબહેનો તરફથી સીમ્પોલી ખાતેના વામન આશ્રમમાં કરવામાં આવ્યું.

પૂ. શ્રી તેમજ પૂ. માની મોટી રંગીન પ્રતિકૃતિઓ સાધક ભાઇબહેનોએ પદયાત્રામાં ભજન ધૂનો સાથે વામન આશ્રમના સ્થળે લઈ ગયા. ત્યાં શ્રી મધુભાઇ અને એમનાં ધર્મપત્ની નીલાબેનને હસ્તે એમનું શાસ્ત્રોક્તવિધિથી પૂજન કરવામાં આવ્યું. તે પછી મહાભારત દર્શન–અને પૂ. માના અમેરિકા ખાતે ઉજવાયેલ જન્મદિનની કેસેટ દર્શાવવામાં આવી.

બહારગામથી આવેલ સાધક ભાઇબહેનાના ભોજનની વ્યવસ્થા પણ અહીંજ ગોઠવવામાં આવી હતી.

સત્કાર સમારંભનો પ્રારંભ શ્રી હરગોવિંદભાઇ ભટ્ટના પ્રવચનથી થયો. પૂ. યોગેશ્વરજીને અંજલિ આપતાં તેઓએ જણાવ્યું કે ઘણો વિપુલ આધ્યાત્મિક સાહિત્યનો વારસો તેઓ આપી ગયા છે. એના વાંચનમાંથી ગમે તે પ્રેરણા મેળવી આત્મિક ઉન્નતિના માર્ગે પગલાં ભરી શકે છે. પૂ. માના સ્વદેશ આગમનને તેમણે સત્કાર્યું.

વડોદરાના સાધક શ્રી વિજયભાઇ રાણાએ સાધકોનો પૂ. મા પ્રત્યેનો પ્રેમ કેવો છે તેનું દર્શન મુંબઈના એરપોર્ટ ઉપર થયું. મધ્યરાત્રિ વીતી ગઈ હતી છતાં પૂ. માના આગમનની પ્રતીક્ષામાં કોઇની આંખો નિદ્રાથી ઘેરાએલી ન હતી.

વિદેશના ઘણાં સાધક ભાઇબહેનો પૂ. મા પાસેથી જીવનોપયોગી ઘણું બધુ પામ્યાં એજ એમની યાત્રાની સફળતા છે.

પૂ. માને આવકારતાં શ્રી જે. વી. શાહે કહ્યુ કે આ મુંબઈ નગરી દેશના અન્ય શહેરો કરતાં પૂ. માના કાર્યક્રમો વધુ વિશાળ પાયા ઉપર આયોજન કરવાની ક્ષમતા ધરાવે છે.



અધ્યાત્મના તંત્રી શ્રી નારાયણભાઇ જાનીએ પૂ. માની વિદેશયાત્રાએ ત્યાંના કેટલાય સાધક ભાઈ બહેનોના જીવનમાં કેવા ક્રાન્તિકારી ફેરફારો કર્યા છે, તેનાં ઉદાહરણો વર્ણવ્યા હતાં. પૂ. માના ભારત પાછા આવવાથી અહીંના સાધકોને જીવનમાં જે ખાલીપો લાગતો હતો તે પૂરાયો છે, એ બદલ આનંદ વ્યક્ત કર્યો હતો.

ખ્યાતનામ નવલકથાકાર શ્રી વિઠ્ઠલ પંડ્યાએ પૂ. શ્રીને અંજલિ આપતાં કહ્યું હતું કે એ મહાપુરુષને એમના હયાતિકાળ દરમ્યાન આપણે ન ઓળખી શક્યા.

સાધકોના સત્કારનો પ્રત્યુત્તર વાળતાં પૂ. માએ કહ્યું.

"અમારૂં જીવન પૂ. શ્રીની પ્રેરણા પ્રમાણે ચાલે છે. એટલે એ જેમ સૂઝાડે તેમ કરીએ છીએ. બાકી અમારે માટે બધા જ સ્વદેશ છે. અમારી સાધના ગમે ત્યાં હોઇએ પણ એકધારી ચાલે છે, પછી તે હિંદુસ્તાન હોય કે હોલીવુડ.

"પૂ. શ્રીએ જીવનમાં સાધનાક્ષેત્રે સર્વોચ્ચ શિખરો સર કર્યાં અને અમારા જીવનમાં અમે એ ક્ષેત્રે ડગભર્યાં ને તેઓએ ભૌતિક વિદાય લઈ લીધી. ઘડીભર જીવનમાં પૂર્ણિમાની ચાંદનીને બદલે અમાસ ઉતરી આવી. પરંતુ અમારી શ્રદ્ધાની જ્યોત પ્રભુ કૃપાથી ન બૂઝાઇ. એટલે અમે અમારા મનના બધા વાયરોને પ્રભુ સાથે જોડી દીધા. પરિણામે પ્રભુ કૃપાનાં બિન્દુઓનો સ્વાદ અમે ચાખ્યો છે એટલે જ તમો સહુને તે માર્ગે ચાલવા કહીએ છીએ."

પોતાની દિવ્ય અનુભૂતિની વાતો કર્યા પછી પૂ. માએ ઉમેર્યું કે આ ક્ષેત્રે જે માગે છે તેને મળે જ છે. પ્રભુનું કાર્ય આ પૃથ્વી પર ચાલુ જ રહેશે. ભવિષ્યમાં મુંબઈમાં પણ પ્રભુની પેઢીની બ્રાન્ચ ખુલશે, એમાં વિશ્વાસ રાખજો.

સતરસો ઉપરાંતના ઉપવાસોની શારીરિક અશક્તિ છતાં પૂ. માનો અવાજ અદ્ભુત હતો. એમાં સ્વાનુભૂતિનો અજબ જેવો રણકો, ખીચોખીચ ભરાઈ ગયેલા વામન હોલના શ્રોતાના હૃદયને સ્પર્શી જતો હતો.

અંતમાં આવા સારા આયોજન બદલ બહારગામથી આવેલ સાધકો વતી શ્રી વિજયભાઈ રાણાએ શ્રી હરગોવિંદભાઈ ભટ્ટના પરિવારનો તેમજ બોરીવલી ધ્યાનકેન્દ્રના ભાઇ બહેનોનો આભાર માન્યો હતો.

પૂ. ગુરુદેવ અને પૂ. માની આરતી બાદ, ઉપસ્થિત ભાઈ બહેનોએ કતારમાં ગોઠવાઇ પૂ. માનું વ્યક્તિગત અભિવાદન કર્યું હતું.

શ્રી યોગેશ્વર કૃપા.
સંદીપ વેલ્ડીંગ વર્કસ
ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.



# નાયગ્રાફોલ્સ પૂ. મા સર્વેશ્વરીના સાંન્નિધ્યમાં

સુરેશભાઈ શાહ-કેનેડા

પૂજ્ય યોગેશ્વર ધ્યાન કેન્દ્ર-ટોરોન્ટોના સાધક ભાઇબહેનો માટે ઓકટોબર–૧ ૧૯૮૮ ને શનિવારનો દિવસ વિશેષ યાદગાર અને અવર્ણનીય આનંદ આપનારો હતો, કારણ પૂ. 'મા'ના સાંન્નિધ્યમાં એક લકઝરી બસમાં તમામ સાધક ભાઈબહેનો કે જેમાં ન્યુજર્સીથી આવેલા શ્રી વિનોદભાઇ, શ્રી સુતરીયા, તથા કોર્નવોલથી આવેલાં શ્રી નંદુભાઈ પટેલ તથા સાનફ્રાન્સીસકોથી આવેલા શ્રીમતી આશાબેનનો પણ સમાવેશ થાય છે તે. સૌ રાત્રે ૮–૦૦ વાગે ટોરોન્ટોથી લગભગ ૧૪૫ કી. મી. દૂર સુપ્રસિદ્ધ, ઐતિહાસિક નાયગ્રાફોલ્સ નિહાળવા જઈ રહ્યા હતા. બસમાં સૌ પોતપોતાના સ્થાને ગોઠવાઇ ગયા બાદ પૂ. 'મા'ને માટે ખાસ બનાવેલી બેઠક ઉપર પૂ. "મા" પૂજ્યશ્રીના સ્વરૂપ સાથે બસમાં પધારે છે, ત્યારે બસમાંથી ઉદ્ગારો નીકળે છે પૂ. મા સર્વેશ્વરીની જય, પૂ. યોગેશ્વરની જયની ગગનભેદી ગર્જના વચ્ચે બસ નાયગ્રાફોલ્સ પ્રતિ રવાના થાય છે.

ગંગા કિનારે બેઠેલાને ગંગા પોતાના પુનિત પ્રવાહથી પ્લાવિત કરે છે, અને લોઢું જેમ ચુંબક તરફ આકર્ષાય છે તેમ સૌ ભકતો પૂ. માના સાંન્નિધ્યમાં સંસારને અને સાંસારિક વાતોને ભૂલીને ધૂનો, ભજનો અને સંકીર્તનની પવિત્ર મસ્તી અને આનંદની લહેરોમાં ભાવવિભોર બની સતત નામસ્મરણમાં પર્યટનનો સમય પસાર કરે છે. પૂ. 'મા' પણ સૌને પ્રેમના

પવિત્ર પાશમાં જકડી રાખે છે અને શરૂઆત કરે છે ભારતથી જન્માષ્ટમીના દિવસે પ્રસાદમાં આવેલ ખાસ પંજરી " થી. ચાલુ બસમાં—આટલા બધા ઉપવાસો હોવા છતાં પણ એ સૌ હિતકારી, પ્રેમમય, કરુણામય ' મા ' પોતાના હાથે પોતાના બાળકોને પ્રેમથી અને આગ્રહથી ચોકલેટ, ફળ વિ. આપે છે ત્યારે અમારા સુતરીયાભાઈ પોતાના બુલંદ અવાજે સૌરાષ્ટ્રના ચારણોની યાદ કરાવે તેવા અવાજે ભાવમય બની ગાય છે—

કપુરાવાળી મા અમને યાત્રા કરાવે,
યાત્રા કરાવે, અમને સંસાર ભૂલાવે,
સંસાર ભૂલાવે, અમને ચોકલેટ ખવડાવે,
ચોકલેટ ખવડાવે, અમને યાત્રા કરાવે...

ત્યારબાદ શ્રી યોગેશ્વરાય નમઃ જય જય મા શારદામૈયા, વિગેરે ધૂનો પૂ. મા પણ ગવડાવે છે. ખંજરી, મંજીરા અને કિરતાલ સાથે પ્રવાસ આગળ વધે છે. સમય, સ્થળ અને શારીરિક અવસ્થાનું ભાન સૌ ભકતો ભૂલી જાય છે. માનો પ્રેમ, ભક્તિ અને સત્સંગના ત્રિવેણી સંગમમાં અલ્હાબાદનું પ્રયાગ તીર્થ અહીં ઊભું થાય છે. જીવનમાં સંતના સમાગમથી અને સહવાસથી કેવો અને કેટલો અદ્ભુત આનંદ આવે છે તેની પ્રતીતિ સહયાત્રીઓને થાય છે.

દોઢ કલાકના બસના પ્રવાસ બાદ નાયગ્રાફોલ્સ બસ આવી પહોંચે છે. અમેરિકા અને કેનેડાની સીમા ઉપર આવેલો નાયગ્રાફોલ્સ રાત્રિની રંગબેરંગી રોશનીમાં અદ્ભુત, નીરાળો, અરે, અતિ સુંદર અને વૈભવી લાગે છે. રંગબેરંગી વસ્ત્રોમાં, વીડીઓ અને કેમેરાઓથી સજ્જ થએલા સહેલાણીઓથી ઉભરાતા આ સ્થળને નિહાળવાનું સૌભાગ્ય (સદ્ભાગ્ય) જેને



જેને મળ્યું છે તે સૌ પોતાની સ્મૃતિઓને ચિરસ્મરણીય બનાવવા માટે સ્થળના ફોટાઓ લે છે અને વીડીઓ કેમેરામાં દૃશ્યોને મઢી લે છે. અમારે આવી કોઈ સ્થળ કે દૃશ્યની સ્મૃતિ રાખવાની આવશ્યકતા નહતી, કારણ અમારો પ્રવાસ કેવળ ' મા ' ના પાવનકારી સાંન્નિધ્યને પામવા તથા સત્સંગ માટેનો જ હતો.

સામાન્ય રીતે આ દિવસોમાં વાતાવરણ ખૂબ જ ભેજવાળું અને ઠંડું હોય છે. પ્રવાસનું આયોજન કર્યું ત્યારે " વેધર બ્યુરો " ના જણાવ્યા પ્રમાણે દિવસ ખુશનુમા જણાતો હતો. પણ નીકળવાના દિવસે એટલે કે શનિવારે સવારે વરસાદ પડતો હતો. તેથી પ્રવાસના આયોજકો તથા યજમાને પૂ. ' મા ' ને પ્રવાસ રદ કરવાનો વિનંતિ સાથે પ્રસ્તાવ મૂકયો. એક ક્ષણના પણ વિલંબ વિના પૂ. " મા "એ ( પ્રભુ તરફ ઇશારો કરતાં ) જણાવ્યું કે "જેના આદેશથી અને જેના ગુણગાન ગાવા જઈએ છીએ તેના ઉપર છોડી દો ને ! શું કામ ચિન્તા કરો છો ? સો સારું થશે." ત્યારબાદ ધીમે ધીમે વાતાવરણ અનુકૂળ થતું ગયું. વાદળો વિખરાઇ ગયાં. સૂર્યનારાયણે અમારા સૌ પર કૃપા કરી અને અમારા સૌના આશ્ચર્ય વચ્ચે વાતાવરણ ખૂબ જ સાનુકૂળ થઇ ગયું. મનોમન પૂ. માની ગુરુભક્તિ અને ગુરુમાં રહેલી શ્રદ્ધા માટે માન થઈ આવ્યું. અમે મનોમન એમને પ્રણામ કર્યા. સાચે જે સંતો પ્રકૃતિ ઉપર પણ સંકલ્પો વડે વિજય મેળવી શકતા હશે સ્વયં પ્રકૃતિ એમને અનુકૂળ બની જતી હશે.

નાયગ્રાફોલ્સ આવતાં બસમાંથી પૂ. માં ઠેકડો મારીને ઉતરી પડે છે અને સૌ ભક્તો વચ્ચે નાયગ્રાફોલ્સ નિહાળે છે. પૂ. ' મા ' ભકતોના આગ્રહને વશ થઇ પગમાં સફેદ મોજડી

પહેરે છે, સફેદ સાડી અને સફેદ સ્વેટર, માથે સફેદ સ્કાર્ફમાં પૂ. "મા" એ ઝળહળતી રોશનીમાં હિમગિરિના શ્વેત શિખરો સમાં પવિત્ર અને જાજ્વલ્યમાન લાગે છે. ભોગ અને વિલાસી પશ્ચિમની ધરતી ઉપર પૂ. 'મા' સૌને ભક્તિ અને સત્સંગ કરાવે છે. પૂ. 'મા' ને આવી રીતે વિચરતાં જોઇ અમને ઇ. સ. ૧૯૭૮ માં એટલે એક દાયકા પહેલાં પૂ. શ્રી તથા પૂ. મા જ્યોતિર્મયીને આજ દિવસોમાં નાયગ્રાફોલ્સ જોવા લાવ્યા હતા તેનું સ્મરણ થઇ આવે છે. તે વખતે તેઓએ પગમાં સફેદ ચંપલ (મોજાં વગર) ધોતિયું પહેરેલાં અને ઉપર ઓઢવાનું સફેદ વસ્ત્ર, જ્યારે અમે બધાંએ ઓવર-કોટ, વીંટરબૂટ, હાથમાં મોજાં પહેરેલાં હતાં. ત્યારે એ મહાપુરુષે જણાવ્યું હતું કે "હિમાલયની હાડ ગાળી નાંખે તેવી ઠંડી અમે સહન કરી છે. વર્ષો તેમાં વિતાવ્યાં છે તેની વિસાતમાં આ ઠંડી કાંઈ નથી."

હવે પૂ. "મા" રોશની અને નાયગ્રાફોલ્સ જોઈ લીધા બાદ પાસેના લાકડાના બાંકડાઉપર એકદમ બેસી જાય છે. ભક્તવૃંદ આજુબાજુ નીચે ગોઠવાઈ છે અને "પ્રશ્નોત્તરી" શરૂ થાય છે. કેટલાય કેનેડીયનો, અમેરિકનો અને બીજા પ્રવાસીઓ કુતૂહલ પૂર્વક આ દૃશ્ય નિહાળી વીડીઓ ઉતારે છે. પૂ. "મા" ના આગ્રહથી અને ભક્તોની વિનંતિથી લગભગ ૪૫ મિનિટ આ પ્રશ્નોત્તરી ચાલે છે. (તે અલગ રીતે સંક્ષિપ્તમાં રજુ કરવામાં આવી છે.)

પ્રશ્નોત્તરીથી સહુને ઘણું જાણવાનું મળ્યું. સત્સંગનો આનંદ જેટલો લૂંટાય એટલો ઓછો. તેથી લગભગ રાત્રિના બાર વાગે પૂ. 'મા' ભકતોને ગરબા ગવડાવે છે અને નાચતા, કૂદતા, ગરબા ગાતા ભાવવિભોર બનેલાં ભાઈબહેનોને પૂ. 'મા' કેળાંનો પ્રસાદ આપે છે. તે પછી સૌ પાછા બસમાં ગોઠવાઇ



જાય છે. બસમાં પણ ભજન, ધૂનો, અને સંકીર્તનની મોજ માણતા સૌ રાત્રે ૧-૩૦ વાગે પાછા આવીએ છીએ. ગદ્ગદ હૈયે, ભક્તિભર્યા હૃદયથી અને અંતરના ઉંડાણથી સૌ ભકતો પૂ. મા પ્રભુને પ્રણામ કરી છૂટા પડે છે, ત્યારે મનમાં એક જ ભાવ જાગે છે કે વિદેશની ધરતી ઉપર આવીને પૂ. મા જેવાં સંત જીવનમાં કેવી સરસ રીતે પ્રેમ, આનંદ અને ઇશ્વર પ્રત્યે અભિસરણ કરાવી શકે છે. જેથી અહીંનું જીવન નિરસ, ને શુષ્ક મટી કેવું ચેતનાભર્યું અને પ્રાણવાન બની જાય છે.

પૂ. માની આવી કૃપા માટે ધન્યતા વ્યક્ત કરીને સહું વિખરાય છે. પૂ. માની શ્રદ્ધા, ગુરુભક્તિ ને પાવનકારી સાધનાને સહુ વંદન કરે છે. ને ગાતા જાય છે "યોગેશ્વર પ્રભુ શત પ્રણામ હો, મા સર્વેશ્વરી શત વંદન હો!"

*

## પ્રશ્નોત્તરી

**–એક સહપ્રવાસી**

[નાયગ્રાફોલ્સની યાત્રા પ્રસંગે પૂ. મા સર્વેશ્વરી સાથે થયેલ પ્રશ્નોત્તરી અહીં સંક્ષેપમાં આપી છે. –તંત્રી]

પ્રશ્નઃ–સાંસારિક જીવન છોડીને ઈશ્વર પ્રાપ્તિ કરવા સાધુ થવું જરૂરી છે?

ઉત્તરઃ-[પૂ. 'મા' ખૂબ જ ગંભીરતા સાથે] સાધુ થવું એટલે સંસારનો ત્યાગ કરવો સહુ માટે જરૂરી નથી. પૂ. શ્રી ના શબ્દો ટાંકતા પૂ. 'મા' જણાવે છે કે બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન કરો, બંને પક્ષે (સ્ત્રી ને પુરુષ) સંયમ પાળવો જોઇએ. ઈશ્વરની કૃપા અને સમજપૂર્વકના આવા જીવનથી એક એવી અવસ્થા ઉત્પન્ન થશે કે જ્યારે સાધકને શારીરિક

સુખ ભોગવવાની ઇચ્છા થશે જ નહીં. યોગેશ્વરજી કહેતા કે "સાધુ એટલે સારો માણસ. સાધુ એટલે ભગવાં વસ્ત્ર ધારી નહીં. પછી તે કોટ–પેન્ટ પહેરીને ઓફીસમાં કામપણ કરતો હોય અથવા રસડોમાં રસોઈ બનાવી પોતાના જીવનનો પાઠ ભલે અદા કરતો હોય. પણ તેને સાધુ કહી શકાય." જેનું જીવન સર્વપ્રકારે આદર્શ હોય અને પોતાની સૌ જવાબદારી પ્રામાણિકપણે બજાવતો હોય. એવા સજ્જન કે સાધુ થવું હોય તો આજથી જ થઈ શકાય, ગૃહસ્થાશ્રમમાં રહીને. એમાં શું આડે આવવાનું છે?

પ્રશ્નઃ–આપની કૃપા વિના શું તે શકય બની શકે?

ઉત્તરઃ– જીવનમાં કૃપા એકલી જ કામ કરતી નથી, સાથે પાત્રતા પણ તેટલી જ જરૂરી છે. દાખલા તરીકે કોઈ તમને દૂધપાક આપે પણ તમારૂં પાત્ર કાંણું હોય તો તે દૂધપાક રહેશે નહિ. એજ રીતે સંત કે પ્રભુ પોતાની કૃપા વરસાવે છતાં જો પાત્રતા નહિ હોય, તો પેલા છીદ્રોવાળા વાટકાની જેમ આ કૃપારૂપી દૂધપાક ટકશે નહિ. માટે પ્રથમ પાત્રતા કેળવવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરો. સત્સંગ અને ધ્યાન એમાં મદદરૂપ થશે. એ કરતા રહો. પછી યથાસમયે સંતકૃપા પ્રભુ સામેથી મેળવી આપશે.

પ્રશ્નઃ–સાધનાના માર્ગમાં ગુરુએ દીક્ષા આપેલી હોય એ શું જરૂરી છે?

ઉત્તરઃ–તમે યોગમાર્ગના સાધક હોવ તો જરૂરી, યોગની ક્રિયા કરવા માટે ગુરુનું માર્ગદર્શન જરૂરી; પણ જો ભક્તિ-માર્ગના પ્રવાસી હોવ અને યોગ્ય ગુરુની રાહ જોઇને બેસી રહો કે મારા કાનમાં તે મંત્ર ફૂંકે તો જીવનના અમૂલ્ય



દિવસો વેડફાઇ જશે. માટે કોઇ શાસ્ત્ર વાંચીને કે કોઇ સંત મહાત્માનું વાકય વાંચીને પણ જીવનમાં જાગૃતિ લાવી શકાશે. દા. ત. તમારે વહેલા ઊઠી ધ્યાનમાં બેસવું હોય તો તેમાં કોઈની રાહ જોવાની જરૂર નથી. કોઇની મદદની પણ જરૂર નથી. જરૂર છે માત્ર રાતે સૂતાં પહેલાં શુભ સંકલ્પ કરવાની. સંકલ્પ પાકો હશે તો જરૂર ઊઠી જવાશે, આ અમારો અનુભવ છે.

પ્રશ્નઃ–છોકરાઓને માંસાહાર કેવી રીતે છોડાવી શકાય?

ઉત્તરઃ–[ પૂ. 'મા' એક વિડીઓ મુવીનો ઉલ્લેખ કરીને ] જમવામાં આવતું માંસ, કેટલી બધી ક્રૂરતાવાળી પ્રક્રિયાથી જીવતાં પ્રાણીઓને, પશુઓને, પંખીઓને મારીને તૈયાર કરાય છે તેની સમજ બાળકોને આપવી. તે જોઈને અને જેમ આપણામાં જીવ છે તેમ તેમનામાં પણ જીવ છે અને આપણા જીવના પોષણ કે ખાવાપીવાના શોખના ખાતર બીજા જીવોની હત્યા ના કરવી જોઈએ તેમ બાળકોને સમજાવવું જોઇએ. દાખલો બેસાડવા માટે મા–બાપે જ માંસાહારનો ત્યાગ કરવો જોઈએ.

પૂ. મા દૃષ્ટાંત આપતા જણાવે છે, તેમના તાજેતરના રગ્બી–ઇંગ્લેંડના પ્રવાસમાં તેમણે એક છોકરાને સમજાવ્યો હતો કે જે માંસ તું ખાય છે તે કોઈ જીવના મા–બાપ-ભાઇ કે બહેનના અંગમાંથી બનેલું છે. તારા ડેડીનો હાથ, આંગળી કે શરીરનો કોઇ ભાગ તું લંચમાં લઈ જાય? બાળકે તરત ના પાડી. તો પછી તું માંસ ખાવાનું છોડી દે? બાળકના મનમાં વાત બેસી ગઇ. પરિવર્તન થઇ ગયું. ત્રીજા દિવસે એ છોકરો અમને મળવા આવ્યો અને કહ્યું કે માંસ ખાવા-નું છૂટી ગયું છે!

પ્રશ્નઃ-વર્ષોથી ટેવાએલા જીવો આપના એક જ શબ્દથી ચા, તમાકુ, સીગરેટ, માંસાહાર વિગેરે વ્યસનોમાંથી મુકત થયા તેનું શું રહસ્ય ?

ઉત્તરઃ-[ ખૂબ જ નમ્રભાવે પણ દૃઢતાથી ] અમારા શબ્દોમાં એવો કોઇ ચમત્કાર નથી, પરંતુ અમારાથી જે સહજ રીતે બોલાઇ જાય છે તે પૂ. શ્રી જ બોલાવડાવે છે અને એમની શક્તિજ એમાં કામ કરે છે. અમે તો કેવળ વાંસડી જેવાં છીએ. અમારા ગુરુજીને એમાંથી જેવા સ્વરો કે શબ્દો કાઢવા હોય તે કાઢે છે. એમાં અમારૂં કશું નથી. અમારા અસ્તિત્વ પાછળ પણ એ ગુરુની શક્તિજ કામ કરી રહી છે.

પ્રશ્નઃ-અમારા સૌનો ગુસ્સો જે ત્રાસરૂપ છે તે જતો રહે તેવું કરો.

ઉત્તરઃ-( સહજ હાસ્ય સાથે ) અમે વારંવાર કહીએ છીએ કે ગુસ્સો નહિ પણ ફૂંફાડો મારવો જરૂરી છે. કરડવું જોઇએ નહીં. દેખાવ પૂરતો ગુસ્સો ફક્ત મહોરાની જેમ વાપરવો. કોઇની લાગણી, મન કે કોઈની પરિસ્થિતિને હાનિ પહોંચાડવા તે ના વાપરવો, કારણ કે ગુસ્સાથી મન અને શરીરની સ્થિતિને નુકશાન પહોંચે છે. પરિણામે વ્યવહારમાં તેનું પ્રતિબિંબ પડે છે. ભાઈઓ કે બહેનો કોઈને પણ માટે ગુસ્સો જરૂરી કે આવશ્યક નથી. ઉલ્ટું તે હાનિકારક છે, તે સમજો; ને તેને નિવારવા સતત જાગ્રત રહો, તો ધીમે ધીમે જતો રહેશે.

પ્રશ્નઃ-નવરાત્રિના નવ દિવસોમાં સાધકોએ ઉપાસના કેવી રીતે કરવી જોઇએ ?

પૂ. માઃ-( હાલમાં ઉજવાતા નવરાત્રિ મહોત્સવનું વર્ણન કરતાં ) ગરબા હવે ફારસરૂપ થઇ ગયા છે-વસ્ત્રપરિધાન,



ફેન્સીડ્રેસની હરિફાઈ થઇ ગઈ છે અને ગરબાનાં સ્થળો યુવાન-યુવતીઓને મળવાના અને અનિષ્ટ તત્ત્વો માટેનાં સ્થળો થઈ ગયાં છે, આવા લોકાનાં મિલન સમારંભો માટેનાં સ્થાનો થઈ ગયાં છે. જેમને ખરેખર ગરબા રમવા છે અથવા મા-જગદંબાની કૃપા પામવી છે તેમણે નવરાત્રિના નવ દિવસોમાં ખોરાકનો સંયમ કરી ઉપવાસ કરવા જોઇએ, જેથી શરીરની શુદ્ધિ થાય. મનથી મા જગદંબાની સ્તુતિ, પ્રાર્થના ને જપ કરવા જોઇએ, બ્રહ્મચર્યનું પાલન કરવું જોઇએ. વળી જો કોઈ વ્યસન હોય તો નવ દિવસ તેને છોડવું જોઇએ. આપણે જે મંત્રનો જપ કરતા હોઇએ તો તેને વધારે ને વધારે જપવો જોઇએ. તો સાચા અર્થમાં નવરાત્રિ કરી કહેવાય.

પ્રશ્નઃ-પ્રેમ અને ભક્તિ, એમાં જીવનમાં પહેલું શું આવે ?

ઉત્તરઃ-પ્રેમ એટલે શું ? ભક્તિનાં ગ્રંથો જણાવે છે કે પોતાના આરાધ્યદેવને માટે સંસારની વ્યક્તિઓમાં આપણને પ્રેમ હોય તેના કરતાં સવિશેષ સ્નેહભાવથી જોતા હોઇએ તેને પ્રેમ કહી શકાય. શાંડિલ્યમુનિનાં અને નારદજીનાં ભક્તિસૂત્રોમાં ભક્તિ-ની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે પરમાત્મમાં પરમ અનુરાગ તેનું નામ ભક્તિ. આપણા પ્રેમના તંતુઓ સંસારીઓ પ્રત્યેથી ઢીલા થાય અને એ પ્રેમના તંતુઓ પ્રભુ સાથે જ બંધાઇ જાય. તે માટે આરાધ્ય દેવના સ્થૂલ રૂપ સાથે સતત રહેવું જરૂરી નથી, પણ આપણા આરાધ્યદેવનું સતત સ્મરણ થયા કરે અને તેમના જીવનના આદર્શો આપણા જીવનમાં ઉતરી આવે તો પછી જીવન ભક્તિભાવવાળુ થયું કહેવાય. પરમાત્મામાં પરમ પ્રેમ થવો તેનું જ નામ ભક્તિ છે. પ્રેમ થયા વિના ભક્તિ પ્રકટતી નથી અને સાચી ભક્તિ વગર પવિત્ર પ્રેમ સંભવતો નથી. આ બન્ને પરસ્પર સંકળાએલાં છે. એકજ સિક્કાનાં બે પાસાં જેવાં.

પ્રશ્નોઃ–ભારતમાં ઘણા બધા સંતો પ્રગટે છે–વિદેશની ધરતી ઉપર ખૂબ જ દૂષણો હોવાથી અહીં સંતોને પ્રગટવાની વધુ જરૂર છે છતાં અહીં શા માટે સંતો પ્રગટતા નથી ?

ઉત્તરઃ–અહીં (પશ્ચિમમાં) વસતા લોકોને મન ખાવું, પીવું અને એશઆરામ કરવો તેમાં જ જીવનની પરિસમાપ્તિ રહેલી છે. એવી માન્યતા સવિશેષ જણાય છે અને તેમાં જ તેઓનું જીવન પૂરું પણ થાય છે. તેમને સત્સંગ, ભક્તિ, ઇશ્વરના નામસ્મરણ વિના જીવન અધુરું છે, તેવું કદી લાગતું જ નથી. તેમનામાં તેવા સંસ્કારો જ નથી. એમને શાંતિ મેળવવા દારૂ જેવાં કેફી પીણાં પુરતાં લાગે છે. પોતાના માટે જ કમાવવું, પોતાના માટે જ વાપરવું, તેવી તેમની વૃત્તિ હોય છે. માટે તેમને સંતપુરુષોની સવિશેષ જરૂર લાગતી નથી. તેમ છતાં સામાન્ય જીવન વ્યહવારમાં અહીંના માણસો ખૂબ જ પ્રામાણિક અને શિસ્તબદ્ધ છે, જે આપણા માટે અનુકરણીય પણ છે, વળી તેઓની નિયમિતના અને સ્વચ્છતા પણ ધ્યાન ખેંચે તેવાં છે. પરદેશમાં પણ ઘણી સારી વસ્તુઓ છે–પરદેશને વગોવવા જેવો નથી–સંતોએ આ વાત ભારતમાં પણ કરવી જોઇએ તેવો અમારો આગ્રહ છે. એક ઈશ્વર પ્રત્યેનો અભિગમ તેમના દૈનિક જીવનમાં સમાવિષ્ટ થાય, તો તેઓનું જીવન જરૂરથી સારૂં બને.

યાત્રા અને મનની શાન્તિ માટે અંબાજીમાં ક્યાં ઉતરશો ?
સ્વર્ગારોહણ તીર્થ–માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
દાંતા રોડ, અંબાજી.
એકવાર ત્યાં પધારી તો જુઓ.



# કબીર–સુધા

પરમાર્થી

## વિમલ વસંત

(રાગ : વસંત)

મન ખેલો વિમલ વસંત
પ્યારે[1] મિત્રસું, મન ખેલો વિમલ વસંત
ખોલ કમાડી[2] કોટડી,
ઘટ[3] બેઠો મહેલ એકાંત !
મન ખેલો વિમલ વસંત !

સતિયા પર બતિયા ધરું હો ભુવન કરો ઉજિયાર,[4]
પિયુ[5] મિલે સુખ પાઇયે, મેરો જીવન પ્રાણ આધાર ! ૧

ગંગા જમુના કે આંતરે, ચંદ્ર સુરજ કે બીચ,
અરધ–ઉરધ કી સાંધમેં તહાં અમીયાં અગરજા કીચ ! ૨

સોહી[6] રંગ રંગે રંગ રહ્યો હૈ હિલમિલ એક હી ઠામ,
કબીરા ભેટ્યા ભાવસું, જહાં મિટ્યો અપનો નામ ! ૩

સદ્ગુરુ કબીર સાહેબે મનને વસંત ખેલવાનો ઉપદેશ આપ્યો છે, પરંતુ તે વિમલ જ ! બીજી કોઇ વસંત નહી ! વિમલ એટલે મળ વિનાની, એકદમ શુદ્ધ ! આ રીતે પ્રથમ પંક્તિમાં વપરાયેલો "વિમલ" શબ્દ અગત્યનો છે. તે

૧ સખા ભાવથી પ્રેમપૂર્વક ખેલ ખેલવાની વાત. ૨ બારી બારણા કે દરવાજા. ૩ શરીર. ૪ શુદ્ધ. ૫ આતમ રામ. ૬ સમાધિ દશાનું વર્ણન. તે જ રંગ એટલે કે અસલ જે સ્વરૂપ હતું તે જ સ્વરૂપનું દર્શન. તે અવસ્થામાં અભિમાનનો અંત આવી જાય છે.

આખાય પદના અર્થ ધ્વનિને પ્રગટ કરવા માટે અત્યંત ઉપયોગી છે.

વસંત શબ્દ સાંભળતાં જ ઋતુ વસંતનો આપણને ખ્યાલ આવે છે. પરંતુ વિમલ વિશેષણ કોઈ વિશેષ વસંતની વાત તરફ વિચાર કરવાની આપણને ફરજ પાડે છે. કારણ કે વસંત ઋતુ તો સર્જન પ્રક્રિયાને વેગ આપનારી છે. તેથી જ તો ભગવાન શિવનું તપો ભંગ કરાવવા કામદેવે વસંતઋતુનું કામ ચલાઉ નિર્માણ કરેલું. સોળે શણગાર સજેલી સજની તરીકે કવિઓ તેના ગુણગાન ગાય છે. અનેકવિધ પુષ્પો, તેનાં અનેક વિધ રંગો, તેની અનેકવિધ વ્યાપક સોડમ વાતાવરણને માદક બનાવે છે. તેથી કામદેવ સફળ થાય છે. અનેક જીવો કામાસક્ત બની કુદરતની સર્જન પ્રક્રિયાને વેગવંતી બનાવે છે. પછી તો ઋતુ બદલાય જાય છે. ઝાડના હરિત પાન પીળાં બને છે અને ખરવા માંડે છે. થોડા સમયમાં રુક્ષતા જાણે કે વ્યાપી વળે છે. આ રીતે કુદરતની વસંત તો પરિવર્તનશીલ છે અને તેથી દોષિત છે. તે વિમલ નથી. વસંત ઋતુ તો આવે છે ને જાય છે. કબીર સાહેબ તો નિત્ય વસંતની વાત કરી રહ્યા છે. જે વસંત આવતી પણ નથી અને જતી પણ નથી. તે તો અપરિવર્તનશીલ છે. જેવી છે તેવી જ કોઈ પણ કાળે રહે છે. તે પરિવર્તનશીલના દોષ વિનાની હોવાથી વિમલ કહેવાય. તેવી વસંત ખેલવાની વાત કબીર સાહેબ કરી રહ્યા છે.

બીજું "ખેલો" ક્રિયાપદ આપણું ધ્યાન દોરે છે. વસંત ઋતુમાં હોળીનો તહેવાર ખૂબ જાણીતો છે. ક્રિયાપદ ચોક્કસ પ્રકારની ક્રિયાનું સૂચન કરે છે તેથી હોળી ખેલવાની વાત કરવામાં આવી છે—એવું સમજવું રહ્યું. પદમાં પાછળથી



આવતું વર્ણન તે માટે બંધ બેસતું પણ લાગે છે. તેથી હોળી ખેલવાનો ઉપદેશ મનને મળ્યો છે એમ માનવું જોઈએ.

પરંતુ વિમલ વિશેષણ ફરીથી હોળીનો વિશેષ અર્થ કરવા આપણને ફરજ પાડે છે. હોળી ખેલવાની આપણી રીત તો દોષોથી ભરેલી છે. કામ-ક્રોધ ને વેરઝેરનાં દર્શન થાય છે. વળી ખેલવાનો આનંદ પણ વધારે સમય ટકતો નથી. હોળી ખેલવાની આપણી રીત માદક પણ ગણાય. આખા વર્ષમાં એકવાર ગમે તેવું વર્તન કરવાની છૂટ આપી હોય તે રીતે આપણે હોળી ખેલીએ છીએ. તેથી આપણી રીત દોષોથી ભરેલી છે.

દોષો વિનાની વિમલ વસંત અથવા તો વિમલ હોળી કોની સાથે ખેલવી જોઈએ તે શોધી કાઢીશું તો અર્થ કરવાની સુગમતા થઈ પડશે. કોની સાથે હોળી ખેલવી તે નક્કી થશે તો આપોઆપ ખેલવાની રીતનો પણ ખ્યાલ મળી જશે. કબીર સાહેબ તો કહે છે કે.

"ખોલ કમાડી કોટડી, ઘટ બેઠો મહેલ એકાંત"

શરીરરૂપી નગરીમાં એક છૂપો મહેલ છે. તેમાં એક મહારાજા બેઠો છે. સ્થૂળ આંખો જોઈ શકતી નથી. પરંતુ જો વિચાર કરવામાં આવે તો તેનો ખ્યાલ જરૂર આવે છે. પણ કોણ વિચાર કરે? અંદરનાં બારી બારણાં એવી રીતે બંધ કરીને જીવન જીવવામાં આવે છે કે નથી વિચાર આવતો છૂપા મહેલનો! એટલું જ નહીં પણ જીવ તો ગમા–અણગમાના એવા આવરણોમાં સપડાયેલો છે કે તેને બારી બારણા બંધ છે એનો ખ્યાલ પણ નથી આવતો! સંતો એવી દશાને મૂઢ દશા કહે છે. શાસ્ત્રગ્રંથો અજ્ઞાનની દશા તરીકે

વર્ણવે છે. જીવની આ જડતા કહેવાય. પોતાના શરીરમાં અજાયબીઓ રહેલી છે તેનો તેને ખ્યાલ નથી. જે મૂઢ દશા વટાવી ચૂકયો છે તેને જ અજાયબીઓનો ખ્યાલ આવી શકે. તેથી આ મૂઢ દશા જીવે વટાવી જવી જોઈએ. તે માટે પ્રથમ તો ગમા-અણગમાનાં આવરણો ભેદવાં પડે. તે આવરણો એટલા બધાં સૂક્ષ્મ છે અને વૈચારિક સ્વરૂપનાં છે કે તેનો નાશ કરવો હોય તો માનવે સાવધાન બની શોધવાં પડે. સાવધાન ન બને તો એવાં આવરણો પોતાનામાં નથી એમ જ જીવને લાગ્યા કરે છે! તેવી ભ્રમણા સાવધાની આવે તો ભાંગે! સાવધાની એટલે સજગતા અથવા તો જાગૃતિ. જાગૃત હશે તે તેવા આવરણોને શોધી શોધીને દૂર કરવા પ્રયત્ન કરી શકશે. આવરણો દૂર થશે ત્યારે જ પોતાના દરવાજાઓ બંધ છે તેનો ખ્યાલ આવશે. ત્યાર પછી જ જીવને પોતે જ તે દરવાજા બંધ કરેલા તેનો ખ્યાલ આવવા માંડે છે. તે દરવાજા ઉઘાડવાની ચાવી પણ તેને આપોઆપ સૂઝે છે. અનેકવાર પ્રાર્થનાઓ કરી કરી દરવાજાઓ ઉઘાડવા તે ઉતાવળો પણ બને છે. એક દિવસ દરવાજાઓ ઉઘડી જાય છે ત્યારે તેને પોતાના શરીરમાં રહેલી અજાયબીઓનાં દર્શન થાય છે. તેમાં એક સુંદર મહેલ છે. હજાર પાંદડીના કમળ જેવું તેમાં એક સિંહાસન છે. તેના પર આત્મારૂપી મહારાજા તટસ્થપણે બેઠેલા છે. તે મહારાજા સાથે વિમલ હોળી ખેલવાની વાત કબીર સાહિબ કરી રહ્યા છે.

તે આત્મારૂપી મહારાજા પોતે શુદ્ધ, બુદ્ધ અને પવિત્ર છે. તેથી તેની સાથે હોળી ખેલવાની રીત પણ પવિત્ર જ રાખવી પડશે. રીત વિમલ ન હોય તો આવરણો ભેદી શકાય જ નહિ! બંધ દરવાજા ઉઘડે જ નહિ! અજાયબીઓનાં દર્શન થાય જ નહિ! તેથી મન વિમલ હશે તો તેની ખેલ-



વાની રીત પણ વિમલ હશે. નિર્મળ મન નિર્મળ રીતે ખેલશે! માટે પ્રથમ તો મનને નિર્મળ બનાવવાની આવશ્યકતા છે.

આ આત્મા ન હોય તો? આત્મા ન હોય તો વસંત કોણ ખેલે? વિચારણા જ અટકી પડે! આ શરીરને સ્મશાનમાં લઈ જવાની ઉતાવળ કરવી પડે. તેથી આત્મા તો સર્વનો મૂળ આધાર છે. તેના વિના બધું નકામું છે. તે છે તો આ જીવન છે ને આ વસંત છે! તે પહેલા પણ હતો, આજે પણ છે ને ભવિષ્યમાં પણ હશે જ! તે અધિકારી છે! જે વિકારો પેદા થાય છે તે તો અંતરમાં થાય છે. તેને આપણે અંતઃકરણ પણ કહીએ છીએ. તૃષ્ણાઓ, ઇચ્છાઓ, વાસનાઓ આ અંતઃકરણમાં પેદા થયા કરે છે અને તેને કારણે અનેક વમળોનો ઉદ્ભવ થયા કરે છે. આ વમળો તે વિકારો છે. વિકારોનું એક સ્વરૂપ છે. આ વિકારો આત્માના નથી પણ અંતઃકરણના છે એમ જાણવું તેને જ્ઞાન કહેવામાં આવે છે. આ રીતે ચિંતન-મનન ને નિદિધ્યાસન કરતા રહેવાથી મનની નિર્મળતા વધતી જાય છે. આત્માના સત્ય સ્વરૂપનો ખ્યાલ દિન પ્રતિદિન વધતો જાય છે. ત્રણે કાળમાં તે અધિકારી છે તેની પ્રતીતિ પણ થતી જાય છે. એક દિવસ જ્ઞાનની ચિનગારી પ્રગટી ઉઠે છે ત્યારે અંદર ભોમંડળમાં અજવાળું અજવાળું થઈ જાય છે! ત્યારે જ પેલી અજાયબીઓનાં દર્શન થાય છે અને આતમરામ સાથે હોળી ખેલવાની લગની લાગે છે!

શું તેવો માનવી આ જગતમાં જન્મ લે છે? સામાન્ય રીતે આતમરામ સાથે હોળી ખેલવાની ઇચ્છા થતી નથી. જેને આતમરામ સાથે પ્રેમ હશે તે જ વસંત ખેલવા તૈયાર

થશે તે તો સ્વાભાવિક છે. પ્રેમ કોને થશે ? જેનું મન નિર્મળ હશે તેને પ્રેમ થશે. જ્યારે પણ પ્રેમનો પ્રાદુર્ભાવ થશે ત્યારે તે આતમરામ સાથે વસંત ખેલ્યા વિના જીવી શકશે પણ નહિ. આપણા જમાનામાં થઈ ગયેલા શ્રીમદ્ રાજચંદ્ર એ માટે દૃષ્ટાંતરૂપ છે. તેમનું જીવન આપણને પ્રેરણા આપે છે. માત્ર સાત વર્ષની ઉંમરે સ્મશાનમાં તમામ આવરણો હટી ગયેલાં ને તેમને પૂર્વ ભવની સ્મૃતિઓ થયેલી. નવ વર્ષની ઉંમરે શાસ્ત્રજ્ઞાન સહજ રીતે થયેલું અને સોળ વર્ષની ઉંમરે આત્મા તરફ અત્યંત અનુરાગ ઉત્પન્ન થયેલો. તે કારણે તેમણે શતાવધાનના ચમત્કારિક પ્રયોગો પણ છોડી દીધેલા. ત્યાર પછીનું તેમનું જીવન આત્મદર્શનની તાલાવેલીનું છે ! તાલાવેલી તીવ્રતમ બને છે ત્યારે ઓગણત્રીસમે વર્ષે તેમને આત્મદર્શન થાય છે અને તેઓ માત્ર બત્રીસ વર્ષની ઉંમરે આ ફાની દુનિયા છોડી પોતે બ્રહ્મસ્વરૂપ થઇ જાય છે !

આત્મા સુધી પહોંચવાનું કાર્ય જો કે અત્યંત કઠીન છે. દૃઢતા અને મક્કમતાના ગુણોની ખાસ આવશ્યકતા છે. તેમાં શ્રદ્ધાનું બળ ઉમેરાય તો આત્મા સુધી જરૂર પહોંચી શકાય છે. પ્રયત્ન કરનારે પ્રથમ તો આવરણો હઠાવવાં પડશે, પછી બંધ દરવાજા ઉઘાડવા પડશે, પછી અંદરના મહેલમાં પ્રવેશ કરવો પડશે અને છેલ્લે આત્મદર્શન માટે તૈયાર થવું પડશે ! આવરણો હોય ત્યાં સુધી મૂઢ દશા હોય છે. તેવી મૂઢ દશામાં આવરણો પણ મીઠાં મધુરાં લાગે છે ! તેથી જીવને હટાવવાં પણ ગમતાં નથી. તો પછી આત્મા સુધી પહોંચવાની વાત જ ક્યાં રહી ?

જે જીવ સંસ્કારી છે, પુણ્યશાળી છે અને પૂર્વનું ભાથું લઈને આવ્યો છે તે જીવ ડગલે ડગલે સાવધાની કેળવે છે.



પરિવર્તનની પળને તે ઓળખી લે છે. તે પ્રક્ષુબ્ધ તો બની જાય છે. કાંઇક ગૂઢ થઇ રહ્યું છે એવી તેને પ્રતીતિ પણ થાય છે. ક્યારેક તેને ગમ પડે છે ને ક્યારેક નથી પણ પડતી ! પરંતુ તે સાવધાન, જાગ્રત હોવાને કારણે મીઠાં–મધુરાં લાગતાં સર્વે આવરણોની નિરર્થકતાને જાણી લે છે અને તેને હટાવવા કમર કસે છે. જો એક પગથિયું ચઢાય તો બીજે પગથિયે પણ ચઢવા જીવ સફળ થાય છે. તેવા જીવને દૈવી સહાય પણ મળી રહે છે. ક્યારેક તે પ્રગટ ગુરુના રૂપે હોય છે, તો ક્યારેક આકાશવાણીના રૂપે હોય છે ! પરમાત્માની કૃપાથી જાગ્રત જીવ પરિસ્થિતિને પારખી લે છે અને પોતાની યાત્રા આગળ ચાલુ રાખે છે. વચ્ચે વચ્ચે ખાસ કરીને બીજે જ પગથિયે સિદ્ધિદેવીનાં દર્શન પણ છે. જે જાગ્રત હશે, સાવધાન હશે તે સિદ્ધિઓની સરકણી ભૂમિ વટાવી જશે અને જે અર્ધજાગ્રત હશે તે ફસાય પડશે ! શ્રીમદ્ રાજચંદ્રજીનાં જીવનમાં શતાવધાનના પ્રયોગોની સિદ્ધિની વાતો આવે છે. તેઓ તે સિદ્ધિના મોહમાં ફસાતા નથી. લંડન, પરદેશ લઇ જવાની અને અઢળક ધન આપવાની લાલચ પણ આપવામાં આવેલી. છતાં તેઓ સંપૂર્ણપણે જાગ્રત હતા તેથી સિદ્ધિઓને બાજુએ મૂકી દે છે. તેઓ નિષ્કામપણે પોતાની યાત્રા ચાલુ રાખે છે અને સફળ થાય છે. સિદ્ધિની સરકણી ભૂમિ ચઢી શકે તે અવશ્ય સફળતાની મંજિલ સુધી પહોંચી શકે છે તે હકીકત શ્રીમદ્જીનું જીવન પૂરવાર કરે છે.

“ પિયુ મિલે સુખ પાઇએ,
મેરો જીવન પ્રાણ આધાર ”

જ્યાં સુધી પિયુ-પ્રિયતમ–આત્મારામનાં દર્શનનું સુખ ન મળે ત્યાં સુધી તેવા જાગ્રત જીવને જંપ વળતો નથી.

તેને માટે આત્મારામ સર્વસ્વ છે. આત્મા સિવાયની વસ્તુ તેને માટે નકામી છે. ઈ. સ. ૧૯૮૪ નાં માર્ચની અઢારમી તારીખે નિર્વાણ પામેલા મહાન સંત શ્રી યોગેશ્વરજીનું જીવન પણ આ માટે દૃષ્ટાંતરૂપ છે. તેઓ આ અવસ્થા પર હતા ત્યારનું વર્ણન કરતાં લખે છે :

પ્યાસ પુરાતન જાગી !
રોમ રોમમાં વીણા વાગી
પ્યાસ પ્રચંડ પુરાતન જાગી !

પ્યાસ ન શમે ત્યાં સુધી ચેન વળે નહિ ! આ આત્મ-દર્શનની પ્યાસ શમે છે ત્યારે મહા સુખનો અનુભવ થાય છે. શાસ્ત્રો જેને શાશ્વત સુખ કહે છે તે આ જ. ચોથે પગથિયે મહાસુખનો જીવને અનુભવ થાય છે. પહેલે પગથિયે આવરણો ભેદાય, બીજે પગથિયે પોતાના બંધનનું તીવ્રતમ ભાન થાય, ત્રીજે પગથિયે અજાયબીઓનાં દર્શન થાય અને ચોથે પગથિયે આત્મદર્શનનું સુખ પ્રાપ્ત થાય. કબીર સાહેબ હજી આગળ જવાની વાત કરે છે. હજી ઓર એક પગથિયું બાકી રહે છે એમ કહે છે. આ પાંચમાં પગથિયે ભાગ્યે જ કોઈ ચઢી શકે છે ! કરોડોમાં એકાદ જીવ ભાગ્યશાળી નીવડે છે ! આત્મતત્ત્વની પ્રાપ્તિ પછી જીવ આત્મમય બની જવાની ઝંખના સેવે અને તે માટે તીવ્રતા તાલાવેલી અનુભવે તે પાંચમાં પગથિયે ચઢતા જીવની વાત છે. તે પગથિયા પર જીવને પોતાની અસ્મિતાની પણ વિસ્મૃતિ થઈ જાય છે. સ્હેજ પણ સાત્ત્વિક અહંકાર પણ નથી રહેવા પામતો ! એકદમ અહંકાર શૂન્યતાની તે સ્થિતિ હોવાથી તેને " સૂન શિખર " પણ કહેવામાં આવે છે તે શિખર પર પહોંચનાર જીવ પર-માત્મામય થઇ જાય છે. શ્રીમદ્જી આ પાંચમે પગથિયે હતા



ત્યારે તેમની ઉંમર ઓગણત્રીસ વર્ષની હતી. ત્યારની દશાનું વર્ણન કરતાં તેમણે લખ્યું છે; " મહાત્મા વ્યાસજીને જેમ થયું હતું તેમ અમને હમણા પ્રવર્તે છે. આત્મદર્શન પામ્યા છતાં પણ વ્યાસજી આનંદ સંપન્ન થયા નહોતા. કારણ કે હરિરસ અખંડ પણે ગાયો નહોતો. અમને પણ એમ જ છે–અખંડ એવો હરિરસ પરમ પ્રેમે અખંડપણે અનુભવતાં હજુ કયાંથી આવડે ? અને જ્યાં સુધી તેમ નહિ થાય ત્યાં સુધી અમને જગતમાંની વસ્તુનું એક અણુ પણ ગમતુ નથી. " કબીર સાહેબ પણ શૂન્ય શિખર પર આરૂઢ થઈ ચૂકયા હતા. તેથી જ આ પદમાં તેમણે ગાયું :

કબીર ભેટ્યા ભાવ શું
જહાં મિટ્યો અપનો નામ !

" ભેટ્યા ભાવસું " એટલે પ્રેમથી એકરૂપતાની સિદ્ધિ થઇ. " મિટ્યો અપનો નામ " એટલે અહંકાર નામ શેષ થઈ ગયો ! પહેલાં હિલમિલ થવાતું ન હતું કારણ કે વચ્ચે અહં-કારની આડ નડતી હતી. હિલમિલ એટલે એકરૂપ. અભિમાન-ની આડ વારંવારના પ્રયત્નથી ખસી ગઈ ત્યારે તત્ત્વ સાથે એકરૂપતાની સિદ્ધિ થઇ. જેમ રંગમાં રંગ ભળી જાય, તેમ તેજમાં તેજ ભળી જાય તેમ પરા ભક્તિને કારણે મન આત્મ-મય બની જાય છે. નિત્ય આત્મલીન અવસ્થા થઈ જાય છે. આ આખરી પરિણામ કહેવાય. ભકિત દ્વારા પ્રાપ્ત થતી આ ઉત્તમોત્તમ સ્થિતિ છે. પોતે જ પરમાત્મા સ્વરૂપ છે એવી નિત્ય અનુભૂતિને કારણે શ્રીમદ્જીએ પણ લખ્યું છે : " આ વિષમકાળમાં પરમશાંતિના ધામરૂપ અમે બીજા શ્રીરામ અથવા શ્રી મહાવીર જ છીએ કેમકે અમે પરમાત્મ સ્વરૂપ થયા છીએ. "

પ્રાણનું શરીરમાં સંચરવું એ પવિત્રતમ કાર્ય છે. તેનું અંદર આવવું અને બહાર જવું તે પવિત્રકાર્ય હોવાથી તેને કબીર સાહેબ ગંગા-જમના સાથે સરખાવે છે. ઈડા નાડી અને પિંગલા નાડીમાંથી અવાર નવાર અંદર બહાર સંચાર કર્યા કરે છે. જીવ પોતે જાગ્રત બની જાય પછી સાધના પરાયણ બને છે. તે પ્રાણ પર સંયમ સ્થાપવા કોશિશ કરે છે. જ્યારે પ્રાણ પર વિજય પ્રાપ્ત કરે છે ત્યારે પ્રાણ સમ બની જાય છે. બહાર પણ ન જાય અને અંદર પણ ન પ્રવેશે! તેથી "સૂર્ય ચંદ્ર કે બીચ" શબ્દ પ્રયોગ કર્યો છે. સૂર્ય એટલે પિંગલા નાડી અને ચંદ્ર એટલે ઇડા નાડી. પ્રાણની આવી અવસ્થામાં મન પણ સામ્યાવસ્થા ધારણ કરે છે. પ્રાણજય અને મનોજય સિદ્ધિ એકી સાથે પણ થઈ શકે. તે સ્થિતિમાં રહ્યા પછી પ્રાણ સૂક્ષ્મ સ્વરૂપે સુષુમ્ણા નાડીમાં સંચાર કરવા લાગે છે. ત્યારે શરીરનું ભાન રહેતું નથી. સમાધિદશામાં પ્રવેશ થઈ જાય છે. તે દશામાં આત્મદર્શન થાય છે. તે દશામાં રહેવું નિત્ય ગમે છે. કારણ કે અમૃત અવિરતપણે ઝરે છે ને તેનું પાન કરી જીવ ધન્યતાનો અનુભવ કરે છે! "અમીયા અગરની કીચ" શબ્દો સમાધિ દ્વારા પ્રાપ્ત થતા અમૃતની વાત કરે છે. "અરધ ઉરધ કી સાંધ" એટલે ચોક્કસ પ્રકારની એક સ્થિતિ કે જ્યારે પ્રાણ સુષુમ્ણા નાડીમાં સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરીને પ્રવેશે છે. અરધ ને ઉરધ એ તો ગતિશીલ પ્રાણની સંજ્ઞા છે "સાંધ" શબ્દ સૂક્ષ્મતાનું સૂચન કરે છે. આ રીતે પ્રાણની અને મનની સામ્યાવસ્થા વખતે સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરીને પ્રાણ આત્મા સુધી પહોંચી જાય છે. સુષુમ્ણાનાડીમાં પ્રાણનું સૂક્ષ્મ રીતે સંચરવું એટલે જીતાય ગયેલા મનનું એકાંત મહેલમાં

(અનુસંધાન પાના ૫૩ ઉપર)



## કથા કરમની

કથા કરમની, વ્યથા મરમની,
જેવી કરણી, તેવી ભરણી;
ખંડિત તરણી, ચિત્રિત-વર્ણી
કહોજી! કયમ ભવપાર ઉતરણી?
બાવળ વાવી, વેડવા આંબા,
કર્મ-દેવતાના કર લાંબા,
ચિત્રગુપ્તના હિસાબ ચોકખા,
નિયતિના ઇન્સાફ અનોખા.
દેર ભલે, અન્ધેર લગીર ન,
પાઘડીનો વળ અંતે અવિચલ.
સૂધે શેરડે મનવા! ચલના
જો કરના તો અચૂક ભરના.

ડૉ. રણજિત પટેલ
'અનામી'

---

પ્રવેશવું. ત્યાં અમૃત સ્વરૂપ આત્માનાં તેજસ્વી દર્શન કરી મન ધન્યતાનો અનુભવ કરે છે.

આવો હોય છે વિમલ વસંતનો ખેલ! કોઇ બડભાગી જીવને આવો ખેલ ખેલવાની ઇચ્છા થાય છે. તેવા જીવને માર્ગદર્શન મળી રહે તેવા હેતુથી આ પદનું નિર્માણ કબીર સાહેબે કર્યું લાગે છે!

આખું પદ ફરી ફરી વાંચી અને અર્થના મર્મને સમજવા પ્રયત્ન કરો તો ખૂબ આનંદ મળશે. આવા પદને સમજવા માટે ધીરજ પણ જોઇએ. જરા પણ ઉતાવળ કરશો નહિ! નહીં તો અર્થ હાથતાળી દઇને છટકી જશે!

# ગુરુવચનનો મહિમા

લે. કુમુદચંદ્ર ત્રિવેદી

પૂજ્ય ગુરુદેવ યોગેશ્વરના પરિચયમાં આવ્યે અમારે બે વર્ષ થયા હતા. ઈ. સ. ૧૯૮૩માં અમારો વિચાર થોડા વખત માટે યુરોપ અમેરિકા તરફ જવાનો હતો. મનમાં એવી ગણતરી પણ હતી કે તે દરમ્યાન પૂજ્ય શ્રી અને પૂજ્ય મા પણ પરદેશ આવશે. અને અમોને ત્યાં પણ તેઓની સેવા કરવાની સોનેરી તક મળશે. આ વિષે પૂજ્ય શ્રીને મેં વાત કરી જોઈ પણ કાંઇ જવાબ મળ્યો નહિ. અમારી બંનેની એવી ભાવના હતી કે પૂજ્ય શ્રી આશીર્વાદ આપે પછી જ પરદેશ જવું. ત્રણેક મહિના પછીથી જ્યારે પૂજ્ય શ્રી તા. ૪-૭-૮૩ ના રોજ ભાવનગર જતા પહેલાં અમારે ઘરે એક દિવસ પધાર્યા ત્યારે તેમણે કહ્યું : "પરદેશ જવું હોય તો જાઓ, પણ તમારે માટે સારું નહિ રહે. હા, તમારા જવાથી તમારા મિત્રના કામો સારી રીતે પતશે પણ વ્યક્તિગત રીતે તમારા માટે આ પ્રવાસ શાન્તિદાયક રહેશે નહિ. વળી અકસ્માતનો પણ ભય છે છતાં અમે તમારું રક્ષણ કરીશું."

પૂજ્ય શ્રી ની વાત સાંભળી પરદેશ જવાનો ઉત્સાહ ઓસરી ગયો. પરંતુ બધી જ વ્યવસ્થા સંબંધીઓએ ગોઠવી દીધી હોવાથી છેવટે ૧૯-૯-૮૩ ના રોજ અમે ઇંગ્લેન્ડ જવા ભારત છોડયું.

ખરેખર, પૂજ્ય શ્રીની આગાહી પ્રમાણે પરદેશમાં મને અંગત રીતે મઝા ન રહી. શારીરિક અને માનસિક અશાન્તિ પણ સારી સહન કરવી પડી. અમે જે મિત્રને ઘરે રહેતાં હતાં



તે મિત્રના ભાગ્યમાં અમારા થકી સુખ હતું. તે મિત્રનાં કેટલાંક કાર્યો કે જે ઘણા પ્રયત્નો કરવા છતાં ઉકલતા નહોતાં તે તમામ પૂજ્ય શ્રીની કૃપાથી અમારી હાજરીમાં એક પછી એક ઉકલી ગયાં. આ રીતે મિત્રને અમે ફાયદારૂપ થઇ પડ્યા.

તા. ૨૪-૧૨-૮૩ એટલે નાતાલનો પ્રારંભ. નાતાલની આગલી રાતે ઘણા ખરા પીધેલી હાલતમાં જ હોય. તેવી હાલતમાં ડ્રાયવિંગ ન કરવું જોઇએ પણ નશા કરનારને તેનું ભાન રહેતું નથી. તે રાત્રે અમે એક બીજા મિત્રને ત્યાં ભોજન માટે ગયાં હતાં. તેને ત્યાંથી મોડેથી પાછા ફરતી વખતે એક ભયંકર અકસ્માતના ભરડામાં સપડાય ગયેલા. અમારી મોટર વેગમાં જઈ રહી હતી. પરંતુ સામેથી એક કાર લગભગ નેવુ માઈલની ઝડપે નિયંત્રણ વિનાની સ્થિતિમાં આવતી હતી. તે કાર અમારા ઉપર જ આવી રહી છે તેવું નજીક આવ્યા પછી જણાયું. અમે ભય ત્રસ્ત બની ગુરુદેવનું સ્મરણ કરતાં આંખ મીચી દીધી. નજીક આવી એવો વળાંક લઇ લીધો કે અમારી ગાડીને સ્હેજ ધીસરકો કરીને પૂર ઝડપે આગળ નીકળી ગઈ. અમારી સહી સલામતિ પાછળ ગુરુદેવની શક્તિ જ કામ કરી ગઈ કારણ કે તેમણે અમને વચન આપેલું કે "અમે તમારું રક્ષણ કરીશું."

બીજી આફતકારક ઘટના ૧૧-૧-૮૪ ને દિને બની. અમે ઈસ્ટ લંડનમાં મિત્રને ત્યાં તેના વધારાના ઘરમાં રહેતાં હતાં. તે ફ્લેટ પદ્ધતિનું ઘર હતું. ફ્લેટમાં ત્રણ બેડરૂમ હતા. એક રૂમમાં અમારો નિવાસ હતો. બીજા રૂમ ખાલી હતા. ભોંયળિયાના ભાગે તે મિત્રની મોટી દુકાન હતી. મધરાત થઇ હશે ત્યારે તો અમે ભર ઊંઘમાં હતાં. બારણે ટકોરા કોઈ વગાડતું હતું. અમે જાગ્યા. નીચેથી ઉપર આવવાનો દરવાજો

તો અમે બરાબર બંધ કરેલો તે છતાં ઉપર કોઇ કેવી રીતે આવ્યું ? અમને નવાઇ લાગી. અમે વિચાર કરી બારણું ખોલ્યું. બે અંગ્રેજ પોલીસ અધિકારીઓ અમને ચેતવણી આપવા આવ્યા હતા. તેમણે મુખ્ય દરવાજો રસ્તા પરથી તૂટેલો જોયો. તેઓ પોતાની ડયુટી પતાવી ઘરે જઇ રહ્યા હતા. છતાં માનવતા પૂર્વક તેમણે વિચાર કરી અમને જગાડ્યાં હતાં. તેઓ કહેવા લાગ્યા કે આ વિસ્તાર અમારી ડયુટીમાં આવતો નથી, છતાં અમે તમારી પાસે આવ્યા. તેમણે નજીકની પોલીસ ચોકી પર મુખ્ય દરવાજો તૂટેલો છે તેની જાણ કરી અને અમારું રક્ષણ થાય તેવો વાપરલેસથી સંદેશો આપ્યો. મેં તેમનો ખૂબ ખૂબ આભાર માન્યો. અંગ્રેજ અધિકારીઓ પાસેથી અમે આટલી બધી આશા રાખી નહોતી. અમને તો તેઓ દેવદૂત સમા લાગ્યા.

મિત્રને આવતા ઓછામાં ઓછો એક કલાક તો લાગશે. એવું અમને લાગ્યું. શિયાળાની ઠંડી હતી તેથી કોફી પીવાની ઈચ્છા થઈ. તો જ જાગતા બેસી શકાશે. એટલે મારી પત્નીએ કહ્યું કે પેલા અધિકારીઓને પણ પાઈએ. એટલે હું નીચે તેમને બોલાવવા ગયો. પણ એક જ મિનિટમાં તેઓ તો નીચે ઉતરી કયાં ના કયાં ચાલ્યા ગયેલા. કોફી પીતાં પીતાં અમે પૂજ્યશ્રીનાં વચનો યાદ કરી મહિમાનું ગાન કરવા લાગ્યાં. પોલીસ અધિકારીઓને બદલે ડાકુઓ જ ઉપર આવ્યા હોત તો ! અમે ભયથી ધ્રૂજી ગયા. પરંતુ ગુરુદેવ અમારી સાથે હતા એટલે અમે સહી સલામત રહી શકયાં. ગુરુવચનનો મહિમા ખરેખર અપાર ગણાય !



૧૮ માર્ચ ૧૯૮૯ ના રોજ

## પ. પૂ. શ્રી યોગેશ્વરજીના નિર્વાણ દિનનો કાર્યક્રમ

પરમ પૂજ્ય મહાત્મા શ્રી યોગેશ્વરજીની સ્થૂલ દેહમાંથી વિદાય અને સૂક્ષ્મ દેહમાંના પ્રાગટ્ય દિન તા. ૧૮–૩–૮૪ ને અનુલક્ષીને તા. ૧૮–૩–૮૯ ના દિને તેઓના નિર્વાણ સ્થળ શ્રી લક્ષ્મીનારાયણ મંદિર, ગીતા હોલ, કાંદીવલી ( પશ્ચિમ ) મધ્યે પરમ પૂજ્ય મા સર્વેશ્વરીના સાન્નિધ્યમાં એક ખાસ કાર્યક્રમ રાખેલ છે, તે સાથે તા. ૧૯–૩–૮૯ ના દિવસે બોરીવલી મધ્યે એક દિવસની ધ્યાન-સાધના શિબિર તથા તા. ૨૦–૩–૮૯ ના દિવસે ગણેશપુરી-વજ્રેશ્વરી યાત્રાનું આયોજન પણ વિચારેલ છે. આ યાત્રા પ્રાયવેટ બસ દ્વારા થશે. તેનો અંદાજે ખર્ચ વ્યક્તિ દીઠ રૂા. ૪૦ ( રૂપિયા ચાલીસ ) જેવો આવશે. તો જે ભાઈ બહેનો આ ત્રણ દિવસના આધ્યાત્મિક કાર્યક્રમમાં ભાગ લેવા ઇચ્છતાં હોય, તેઓએ નીચે દર્શાવેલ સરનામે જલ્દીથી જાણ કરવી, જેથી કાર્યક્રમના આયોજનમાં સુગમતા થાય. મોડેથી આવેલ નામોનો સમાવેશ અવકાશ હશે તોજ થશે, તેની નોંધ લેવા વિનંતી છે. બહારગામથી આવનારાઓની ઉતારાની વગેરે વ્યવસ્થા આયોજકો તરફથી કરવામાં આવશે.

શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર–બોરીવલી

c/o. મધુસૂદન હરગોવિંદ ભટ્ટ
૬૦૬, શ્રોફ એપાર્ટમેન્ટ, B વીંગ,
સોડાવાલા લેન, બોરીવલી ( પશ્ચિમ )
મુંબઇ ૪૦૦ ૦૯૨, ટે. નં. ૬૫૩૯૪૫

*

# बलमुपासित्

પ્રો. મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)

અખિલ બ્રહ્માંડમાં સર્વત્ર શક્તિ જ સર્વોપરિ છે, દેવ, દાનવ કે માનવ શકિત વિના સારું કે ખોટું, આધિભૌતિક કે આધ્યાત્મિક કાંઈ પણ કરવા અસમર્થ છે. देवीसूक्त પણ પરમાદ્યા શકિતનો જ મહિમા ગાય છે. સત્તા, સંપત્તિ, શાસન, સાધના વગેરેમાં કેવળ શકિતનો જ આવિર્ભાવ જોવા મળે છે. તેથી જ એક શ્લોકમાં સાહિત્યિક યુકિત દ્વારા એમ કહેવામાં આવ્યું છે કે : शक्ति વિના शिव પણ शव એટલે શબ સમાન છે.

આત્મતત્ત્વની ઉપલબ્ધિ વિષેની વાત કરતાં ઉપનિષદના ઋષિએ સ્વાધ્યાય, પ્રવચન, જપ, તપ આદિ સાધનાનો છેદ ઉડાવીને એક વાત ઉમેરી કે : नाऽयमात्मा बलहीनेन लभ्यः । નિર્બળ માટે તો આત્મતત્ત્વની ઉપપત્તિ આકાશકુસુમવત્ છે.

સમગ્ર સૃષ્ટિના સંચાલનનો આધાર શકિત છે, બળ છે. પ્રકૃતિ અથવા તેના દ્વારા પરમતત્ત્વ સર્જન, સંરક્ષણ અને વિસર્જનના કાર્યો કરે છે. આ ત્રણેય પ્રવૃત્તિઓની આધારશિલા શકિત જ છે. આ શકિત સાત્ત્વિક, રાજસ્ અને તામસ્, એમ ત્રણ સ્વરૂપે પ્રવર્તે છે. જગતને ત્રણેય પ્રકારના બળની જરૂર પડતી હોય છે. એટલા માટે તો શાસ્ત્રોએ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ દેવત્રિપુટીની વિભાવના આપી છે.

સામાન્યતઃ એમ કહી શકાય કે કેવળ પોતાનો સ્વાર્થ સાધવા માટે પ્રયોજાતી શકિત અને તેનાં સાધનો તામસ્ પ્રકારનાં ગણાવી શકાય. એમાં હિંસા સ્થૂળ કે સૂક્ષ્મ—મોટે ભાગે—અનિવાર્ય બને છે, એટલું જ નહીં પણ તે હિંસામાં પરોવાતી ક્રૂરતા અને નિષ્ઠુરતાને કોઈ મર્યાદા હોતી નથી. યેન કેન પ્રકારેણ પ્રાભવ્યને હાથવગું કરવા માટે થતી



પ્રવૃત્તિમાં દયા કે કરુણા માટે રજમાત્ર પણ અવકાશ હોતો નથી. ખૂનોની પરંપરા, અસંખ્ય વ્યકિતઓ કે સમૂહો—પછી ભલે તેઓ તદ્દન નિર્દોષ હોય—ની થતી બરબાદી આ તામસ બળનાં ભીષણ પરિણામો આગળ કાંઈ વિસાતમાં નથી. વર્તમાનકાળે ખેલાઇ રહેલાં ઠંડા કાતીલ યુદ્ધો અને તીર–તલવાર –તોપોથી માંડી આણ્વિક પ્રક્ષેપાસ્ત્રો દ્વારા ખેલાતા વિકરાળ સંગ્રામો તામસ શકિતનાં જ જ્વલંત સ્વરૂપો છે; ભલે પછી તેને વિશ્વશાન્તિ જેવા ઉદાત્ત ઉદ્દેશો સાથે સાંકળવાના બૌદ્ધિક–બાલિશ પ્રયાસ થતા હોય ! કદી કદી આવી તામસ શક્તિના મૂળમાં ઉમદા મૂલ્ય પણ ઝળહળતું હોવાનો આભાસ થતો હોય છે.

રાજસૂય યજ્ઞ કરવા નીકળેલા સગર રાજાના પુત્રોએ કપિલ મુનિએ પોતાની તપોમયી દૃષ્ટિથી ભસ્મીભૂત કર્યા હતા. એ તપસ્‌ની શકિતનો પ્રપાત તામસ જ કહી શકાય.

ભકતરાજ અંબરીષના આંગણે પધારેલા દુર્વાસા મુનિએ ભકતને ધર્મસંકટમાં મૂકી દેતાં અંબરીષે, અંતઃસ્ફુરણા પ્રમાણે વ્રતવૈકલ્ય ન થાય અને આતિથ્ય ધર્મનો પણ લોપ ન થાય એ રીતનો મધ્યમ પણ ન્યાયી કહી શકાય એવો માર્ગ અખત્યાર કર્યો. છતાં ભાગવતકથા પ્રમાણે આપણે જાણીએ છીએ કે કોપમૂર્તિ દુર્વાસાએ પોતાના તપઃ પુંજમાંથી ક્રૂર કૃત્યા પ્રકટ કરી અંબરીષનો નાશ કરવા છૂટી મૂકી હતી. પણ શ્રી સુદર્શન ચક્રે સત્ત્વમૂર્તિ ભકતની રક્ષા કરી અને દુર્વાસાને પોતાને જ પોતાની શકિતનો શિકાર બનવું પડ્યું. તાત્પર્ય કે દુર્વાસાનું તપ અને કહેવતરૂપ બની ગયેલો તેમનો પુણ્ય પ્રકોપ તામસ શકિતનાં ઉદાહરણ છે. એ તો લોખંડના પાત્રમાં ભરેલા વિષાકત–મલિન જળ જેવું છે. લાખો લોકોને શોષણની ચક્કીમાં પીસીને ઊભાં કરાયેલાં સામ્રાજ્યો પણ તમસબળના જ નમૂનાઓ છે.

અન્યને નુકસાન ન થાય અથવા ઓછામાં ઓછું અને તે પણ ના છૂટ જ થાય એની ગણત્રીપૂર્વક કાળજી રાખીને, કદિ પોતાના હિત માટે તો કદી કદી કોઇ વિશાળ હિતના આદર્શ કે પરોપકાર માટે અશુદ્ધ કે અર્ધશુદ્ધ સાધન-બળનો ઉપયોગ કરવામાં આવે ત્યારે તેને રાજસબળ કહી શકાય.

વર્તમાન કાળમાં નોકરીધંધો કરનારા મોટા ભાગના મનુષ્યો મહદંશે રાજસ બળનો આશ્રય લઇને પોતાના રોજિંદા વ્યવહારનો નિર્વાહ કરતા હોય છે. સત્ય, ન્યાય, નીતિ, પ્રામાણિકતા જેવાં મૂલ્યો માટે તેમને ભારોભાર વિશ્વાસ અને આદર હોવા છતાં તેઓ કેટલીકવાર છળ, કપટ, અસત્ય, ભેદ, દંડ વગેરે પ્રયુક્તિઓ-કચવાતે મને પણ આચરતા હોય છે. એટલું જ નહીં પણ તેમનો સ્વાર્થ સધાઈ ગયા બાદ બીજાને અન્યાય કે થોડું ઘણું પણ દુઃખ આપવા બદલ તેમનાં અંતઃકરણ મૂક પશ્ચાત્તાપ અને વિષાદ-વ્યથાથી કોચવાતાં હોય છે, અને તે બદલ પોતે ખાનગીમાં પ્રભુ પાસે માફી પણ માગતા હોય છે. શું થાય ? એ તો એમજ ચાલે એમ ના કરીએ તો પેલો ફાવી જાય અને આપણે રહી જઇએ. 'Can't help' જેવી સમાધાનવૃત્તિ તેમને સ્થિર રાખે છે.

આવું રાષ્ટ્ર, ધર્મ અને અધ્યાત્મના ક્ષેત્રે પણ બનતું જ રહે છે. માભોમની મુક્તિ માટે હજારો દેશભકતોએ ભૂગર્ભવાદી પ્રવૃત્તિઓ કરી હતી; ઠેર ઠેર હિંસાના તાંડવ રચાયાં હતાં. ગોરાઓને લઈ જતી ટ્રેનો ઉથલાવી પાડી હતી. જનજીવન ખોરંભે પડી ગયું હતું. વ્યક્તિઓ પોતાના કુટુંબીજનોને રઝળતાં મૂકીને સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાઈ હતી. ઝાંસીની રાણીથી માંડી ભગતસિંહ અને આઝાદ હિંદ ફોજના પ્રણેતા સુભાષચંદ્ર જેવી અનેક વીર વિભૂતિઓ હિંસાના માધ્યમ દ્વારા કેટલાય પ્રાણત્યાગ ( બલિદાન ) માટે જવાબદાર બની હતી.

( ક્રમશઃ )



# રામકથા

(ગતાંકથી ચાલુ)

શ્રીયોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'કેવી રીતે પડે? તારે માટે મારા મનમાં જે મોહ છે તે કદીયે નથી મટે તેમ. એ મોહ અને એના મૂળમાં રહેલો સ્નેહ તો સનાતન છે ને સનાતન રહેવા જ સર્જાયેલો છે.'

'પરંતુ તારી વૃત્તિ બરાબર નથી.'

'તને મારી વૃત્તિ બરાબર નહિ લાગતી હોય એટલે તું જ્યારે મળે છે ત્યારે મને ઉપદેશ આપવાનું જ કામ કર્યા કરે છે, પરંતુ મને તો એ બરાબર લાગે છે.'

'તારું મન હજુ પણ નથી બદલાયું?'

'ના.'

એકાદ ક્ષણ સુધી શાંત રહીને નિષ્કામ બોલ્યો : 'મારું મન કદી પણ બદલાશે એવી આશા રાખતી હોય તો એ આશા નકામી છે. મારું મન કદી પણ નથી બદલાવાનું. ચાતક પક્ષીના જેવી ચાહના ને લગન લઈને હું કેટલાય વખતથી તારા પ્રેમ બિંદુની આશા રાખીને બેસી રહ્યો છું. અને હજુ પણ બેસી રહીશ. તેં મારી વાત ન માની તો મારા ભાખ્યા પ્રમાણે તારું લગ્ન જીવન દુઃખી થઈ ગયું. લક્ષ્મણને રામ સાથે વનમાં જવું પડ્યું. તું તારી ખોટી ઊર્મિશીલતાનો ત્યાગ કરીને પહેલેથી મારી જ પત્ની બની હોત તો અત્યારે કેટલી બધી સુખી હોત?'

'અત્યારે પણ હું સુખી જ છું.'

'એ સુખ ફક્ત બોલવા પૂરતું જ છે. બાકી તારું આખુંય જીવન દુઃખી બની ગયું છે. હજુ પણ તને તારી ભૂલ સમજાતી હોય ને તું મારી થવા તૈયાર હોય તો...તો હું તો તને અપનાવવા તૈયાર જ છું. હું એટલો સંદેશો આપવા માટે જ આવી



પહોંચ્યો છું.'

ઊર્મિલા બોલી : 'નિષ્કામ તારી પ્રવૃત્તિ ખોટે માર્ગે થઈ રહી છે તે જોઈને મને દુઃખ થાય છે. તું તારા જીવનને બરબાદ કરી રહ્યો છે. જેને ફળવાની સ્વપ્ને પણ આશા નથી એવી ભાવનાની ભૂતાવળને પકડી રાખીને તારા જીવનને પાપમય કરી રહ્યો છે.'

'પરંતુ હવે તો તું એકલી છે!'

'એથી શું થયું? બહારથી જોતાં હું એકલી લાગું છું છતાં પણ લક્ષ્મણ હંમેશા મારી પાસે ને સાથે છે. એમનું વનગમન મારે માટે આશીર્વાદરૂપ બન્યું છે, હું તપસ્વિનીની જેમ જીવન પસાર કરું છું.

નિષ્કામ વ્યંગમાં બોલ્યો : 'તપસ્વિનીની જેમ જીવન પસાર કરે છે? આ સોનેરી સમય એવું કષ્ટમય જીવન ગુજારવા માટેનો છે કે ભોગ કરવા માટેનો?'

'એ બાબતમાં હું તારો ઉપદેશ નથી માગતી નિષ્કામ! હું તારા પ્રત્યે પૂજ્યભાવ જેવો ભાવ રાખું છું. એનો અર્થ એવો નથી કે તું મારી પાસે આવીને ફાવે તેવું બોલ્યા કરે. તું જો હજુ પણ મને તારી કરવાની આશા રાખતો હોય તો ભીંત ભૂલે છે. એ તારી મૂર્ખતા છે.'

'છતાં પણ એ આશાને હું નથી છોડી શકતો ને નહિ છોડી શકું.'

'તું જેને નથી છોડી શકતો કે નહિ છોડી શકે તેને કાળ છોડાવશે.'

'મને તો એમ લાગે છે કે કાળ તારી જ હઠ છોડાવશે ને તને મારી કરશે.'

'તારી એ લાગણી ખોટી છે.'

'એ લાગણી ખોટી છે કે સાચી તે તને બતાવી આપીશ. હું તને ફરી વાર મળીશ.'

'એ જ વાત માટે મળવું હોય તો ના મળતો.'

'તું મારા પર એટલું બધું નિયંત્રણ નહિ મૂકી શકે."

'એ નિયંત્રણ નથી, વિનંતિ છે, સલાહ છે.'

'મારે એ નથી સ્વીકારવી. મારે એની જરૂર નથી.' એમ કહીને નિષ્કામ બબડ્યો :

'હવે તો તું, તપસ્વિની થઈ એટલે મને સલાહ જ આપવાની.'

ઊર્મિલા કાંઈ ન બોલી

### જયંતને દંડ

એ પછી બીજી વાર પણ નિષ્કામ ઊર્મિલા પાસે આવી પહોંચ્યો. ઊર્મિલા એ વખતે પ્રાર્થના તથા ઉપાસના કરીને ઉઠી હતી. એની મુખાકૃતિ એકદમ શાંત હતી. આંખ જ્યોતિર્મય, નિર્વિકાર અને સ્વસ્થ હતી. સફેદ વસ્ત્રોને લીધે એ વધારે લાવણ્યમયી દેખાતી.

નિષ્કામને જોઇને એ એવી જ અચળ રહી ને બોલી : 'મને લાગતુ"તું કે હવે તું નહિ આવે, પરંતુ આખરે આવી પહોંચ્યો ખરો !'

નિષ્કામે ઊર્મિલાની સામેની બેઠક પર બેસતાં પૂછ્યું : 'મારું આગમન તને ના ગમ્યું ?'

'તારું આગમન મને ના ગમ્યું એવું નથી કહેતી, પરંતુ તારા મનમાં જે ભાવ લઈને તું આવે છે તે ભાવ મને નથી ગમતો. એના પ્રત્યે મારો વિરોધ હોવાથી હું ઇચ્છું છું કે એટલા માટે જ તારે આવવાનું હોય તો તું ના આવે.'

'છતાં પણ મારા હૃદયમાં તારે માટે એટલો બધો સ્નેહ ભર્યો છે કે તારી પાસે આવ્યા વિના મારાથી રહી શકાતું જ નથી. તારી સંનિધિમાં મને સ્વર્ગ સુખ સાંપડે છે. મારું અંતર અસીમ અને ઊંડી શાંતિ અનુભવે છે. મનને ગમે તેટલું સમજાવવાનો પ્રયાસ કરું છું તો પણ એ નથી સમજતું.' (ક્રમશઃ)

(ટાઇટલ ૨ નું અનુસંધાન)

૧૫ સુરતની એક સાધિકાબેન તરફથી.
૧૦૫ કાંદીવલીના એક સાધકભાઇ તરફથી.
૨૫ શ્રી પ્રવીણચંદ્રના જન્મદિન નિમિત્તે.
૨૫ શ્રી મયૂરીબેનના જન્મદિન નિમિત્તે.
૫૦ સુરતના અનામી સાધકભાઇ તરફથી.
૨૧ શ્રી નીલાબેન મધુભાઇ ભટ્ટ, બોરીવલીના જન્મદિન નિમિત્તે એમનાં પિતાજી લક્ષ્મીશંકર જાની તરફથી.
૧૦૧ શ્રી રમેશભાઇ સોમનાથ ઠાકર, મેનેજર આર્યનિવાસ, હરિદ્વાર, લગ્ન નિમિત્તે.
૩૦૯ એક ગુરુભક્ત તરફથી.
૨૧ શ્રી જાગ્રત પિનાકીન જાની, વલસાડ–જન્મદિન નિમિત્તે.
૨૧ શ્રીમતી પ્રગતિ પિનાકીન જાની, વલસાડ.

નોંધઃ–આ ઉપરાંત પનામાથી પૂ. મા શ્રી સર્વેશ્વરી મારફત મળેલી સદ્ભાવભરી ભેટ રૂા. ૪૭૦૬ ની વિગત અલગ પાના ઉપર છાપવામાં આવી છે.

આ સહુને અભિનંદન અને સત્કર્મ બદલ શુભાશીષ.

### * જાહેરખબરના નવા દરો *

સારા છાપવાના કાગળની અસહ્ય મોંઘવારી તેમજ પ્રિન્ટીંગ ખર્ચના વધારાને પહોંચી વળવા માટે અધ્યાત્મના જાહેરખબરના નવા દરો જાન્યુ. ૮૯ થી નીચે પ્રમાણે ઠરાવવામાં આવેલ છે.

| | |
|---|---|
| ટાઇટલ ૨ અને ૩ | રૂા. ૪૦૦/– |
| ટાઇટલ ૪ | રૂા. ૫૦૦/– |
| અંદરનું એક પાનું | રૂા. ૩૦૦/– |
| ,, અડધુ પાનું | રૂા. ૧૫૦/– |

છ કે તેથી વધારે પાનાની જાહેરખબર આપનારને ૧૦% વળતર આપવામાં આવશે.

—તંત્રી

# વિચારોની શક્તિ

માનવના વિચારોની અસર એના મન અને તન પર ઘણી મોટી, શકવર્તી પડે છે. માટે કહ્યું છે કે માનવ જેવા વિચારો કરે છે તેવો બને છે. વિચારો એનો ઘાટ ઘડે છે, એને સુધારે છે ને બગાડે છે; આનંદ અર્પે છે અને શોકમાં ધકેલે છે. સ્વસ્થ રાખે છે કે અસ્વસ્થ બનાવે છે. આજે માનવ જેવો છે એવો એના ભૂતકાળના ભાવો, વિચારો કે સંકલ્પોને લીધે છે અને ભવિષ્યમાં જેવો બનવા માગશે એવો એના વર્તમાન-કાળના ભાવો, વિચારો, સંકલ્પોને અનુસરીને એમને અનુરૂપ બની શકશે. વિચારો, ભાવો તથા સંકલ્પોમાં ધાર્યા કરતાં ઘણી મોટી શકયતા ને શક્તિ સમાયેલી છે. એ દ્વારા માનવ પોતાની કાયાપલટ કરવાની સાથે સાથે એ આગળ વધીને બીજાની પણ કાયાપલટ કરી શકે છે. વૈદિક ઋષિવરે કહ્યું છે કે, "મારું મન પવિત્ર, કલ્યાણકારક, હિંસક નહિ પણ અહિંસક, દ્વેષયુક્ત નહિ પરંતુ પ્રેમપૂર્ણ, ભંજનાત્મક નહિ પરંતુ મંડનાત્મક ભાવો અને વિચારોથી સંપન્ન થાઓ. तन्मे मनः शिव-संकल्पमस्तु । એ કથનમાં ઘણો મોટો, સર્વોપયોગી સુચિતાર્થ સમાયેલો છે. આપણે એનો લાભ લઈએ.

યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.
પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧